dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

સંજોગ ન્યૂઝ
SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year -09 | Issue- 240 | AD - 2026, Jeth Vad -06 | Saturday, Dt. 06-06-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### પ્રધાનમંત્રીએ મેક ઈન ઈન્ડીયા હેઠળ સંરક્ષણ સાધનો તેમજ ગ્રીન એનર્જી ક્ષેત્ર સાથે જોડાયેલા પ્રોજેક્ટ્સનું નિરીક્ષણ કર્યું

# પીએમ મોદી ગુજરાતની મુલાકાતે : કરોડો રૂપિયાના વિકાસકાર્યોનું લોકાર્પણ

સુરત,તા.૦૫

વિશ્વ પર્યાવરણ દિવસના અવસરે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે સુરતની મુલાકાતે પહોંચ્યા હતા. તેમના આ પ્રવાસ દરમિયાન દક્ષિણ ગુજરાતના સર્વાંગી વિકાસને ગતિ આપતા અનેક મહત્વપૂર્ણ પ્રકલ્પોની ભેટ પ્રદેશને મળી છે. વડાપ્રધાનનો કાર્યક્રમ વિકાસ, ઔદ્યોગિક પ્રગતિ અને પર્યાવરણ સંરક્ષણ જેવા મુદ્દાઓને કેન્દ્રમાં રાખીને આયોજન કરવામાં આવ્યો હતો. સુરત એરપોર્ટ પર આગમન બાદ વડાપ્રધાન સીધા હજીરા સ્થિત લાર્સન એન્ડ ટુબ્રો (એલ એન્ડ ટી) પ્લાન્ટ ખાતે પહોંચ્યા હતા. અહીં તેમણે 'મેક ઈન ઈન્ડિયા' અભિયાન હેઠળ નિર્માણાધીન અત્યાધુનિક સંરક્ષણ સાધનો તેમજ ગ્રીન એનર્જી ક્ષેત્ર સાથે જોડાયેલા પ્રોજેક્ટ્સનું નિરીક્ષણ કર્યું હતું. આ મુલાકાત દરમિયાન તેમણે સ્થાનિક ઉત્પાદન ક્ષમતા વધારવા અને આત્મનિર્ભર ભારતના લક્ષ્યોને વધુ મજબૂત બનાવવાની દિશામાં ચાલી રહેલા કાર્યો અંગે માહિતી મેળવી હતી.

ત્યારબાદ વડાપ્રધાન સુરતના ઈન્ડોર સ્ટેડિયમ ખાતે પહોંચ્યા હતા, જ્યાં વિશાળ જાહેર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન તેમણે ડિજિટલ માધ્યમથી વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં નાગરિકો, ઉદ્યોગકારો, જનપ્રતિનિધિઓ અને સરકારી અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. વડાપ્રધાનના હસ્તે સુરત, નવસારી, ભરૂચ, વલસાડ, તાપી, ડાંગ અને નર્મદા સહિત દક્ષિણ ગુજરાતના સાત જિલ્લાઓ માટે અંદાજે રૂ. ૧૮,૭૭૮ કરોડના વિવિધ વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રકલ્પો માર્ગ અને મકાન, પાણી પુરવઠો, ઊર્જા, શહેરી વિકાસ, ઔદ્યોગિક સુવિધાઓ અને અન્ય માળખાકીય ક્ષેત્રોને આવરી લે છે.આ મહત્ત્વાકાંક્ષી વિકાસ પેકેજ હેઠળ રૂ. ૧૩,૯૨૬ કરોડના વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યો પૂર્ણ થતાં દક્ષિણ ગુજરાતના લાખો લોકોને સીધો લાભ મળશે. પરિવહન સુવિધાઓમાં સુધારો, રોજગારીની તકોમાં વધારો અને ઔદ્યોગિક વિકાસને નવી ગતિ મળવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.તે ઉપરાંત રૂ. ૪,૮૫૨ કરોડના પાંચ નવા વિકાસ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત પણ કરવામાં આવ્યું હતું. આ પ્રોજેક્ટ્સ પૂર્ણ થયા બાદ પ્રદેશના આર્થિક અને સામાજિક વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન મળશે.વિશ્વ પર્યાવરણ દિવસના અવસરે આયોજિત કાર્યક્રમમાં પર્યાવરણ સંરક્ષણનો સંદેશ પણ કેન્દ્રસ્થાને રહ્યો હતો. ગ્રીન એનર્જી, સ્વચ્છતા અને ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપતા અનેક પ્રયાસો પર ભાર મૂકવામાં આવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન પર્યાવરણ પ્રત્યેની જવાબદારી નિભાવવાની અપીલ પણ કરવામાં આવી હતી.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ બે કારના કાફલા સાથે કાર્યક્રમ સ્થળે પહોંચ્યા હતા, જ્યારે રાજ્યનાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ ઉદ્યોગકારો સાથે સાયકલ રેલી યોજી સભા સ્થળ સુધી પહોંચીને પર્યાવરણ જાગૃતિનો અનોખો સંદેશ આપ્યો હતો. પોલીસ વિભાગ દ્વારા પણ ઈ-બાઈક અને સાયકલનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જે ગ્રીન અને સસ્ટેનેબલ પરિવહન પ્રત્યેની પ્રતિબધ્ધતા દર્શાવે છે. સુરતનો આ કાર્યક્રમ વિકાસ, પર્યાવરણ અને આધુનિક ભારતના વિઝનનું પ્રતિબિંબ બની રહ્યો છે. વડાપ્રધાનની મુલાકાતથી દક્ષિણ ગુજરાતના વિકાસને નવી ગતિ મળવાની સાથે પ્રદેશના માળખાકીય અને ઔદ્યોગિક વિકાસ માટે નવા માર્ગો ખુલશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.



## પીએમ મોદીએ દમણ ખાતે ૩૮ આધુનિક પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કર્યું

વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિશ્વ પર્યાવરણ દિવસના અવસરે સુરત બાદ સંઘપ્રદેશ દમણની મુલાકાતે આવી પહોંચ્યા હતા. દમણમાં તેમનું સ્વાગત એક ભવ્ય રોડ શો દ્વારા કરવામાં આવ્યું હતું, જેમાં સ્થાનિક જનમેદનીએ મોદી-મોદીના નારા લગાવી ભારે ઉત્સાહ દર્શાવ્યો હતો. આ ઐતિહાસિક મુલાકાત દરમિયાન વડાપ્રધાન દમણના સર્વાંગી વિકાસ માટે રૂ. ૩૦૦૦ કરોડથી વધુના ખર્ચે સાકાર થનારા કુલ ૫૩ વિવિધ વિકાસકાર્યોની ભેટ આપી હતી.આ ભવ્ય આયોજન અંતર્ગત કુલ ૩૮ આધુનિક પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કરવામાં આવ્યું હતુ. અને ૧૫ નવી પરિયોજનાઓનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો. દમણના નાગરિકોની સુવિધા વધારતા મુખ્ય પ્રકલ્પોમાં નમો ડોમેસ્ટિક એરપોર્ટ, અત્યાધુનિક નમો હોસ્પિટલ, નવી સેક્રેટરીએટ ઓફિસ અને સુવિધાસભર સરકારી શાળાઓનો સમાવેશ થાય છે. આ તમામ લોકકલ્યાણના કાર્યો આગામી સમયમાં સ્થાનિક સ્તરે ઉત્તમ સ્વાસ્થ્ય, આધુનિક શિક્ષણ અને પરિવહનની શ્રેષ્ઠ સગવડો પૂરી પાડીને પ્રદેશના આર્થિક તેમજ સામાજિક માળખાને વધુ મજબૂત બનાવશે નવા એરપોર્ટના કારણે દમણ હવે દિલ્હી, મુંબઈ, અમદાવાદ અને સુરત જેવા મોટા શહેરો સાથે સીધું હવાઈ જોડાણ ધરાવશે. આ નવી કનેક્ટિવિટીથી દમણના ઉદ્યોગોને વેગ મળશે અને પ્રવાસીઓની સંખ્યામાં પણ નોંધપાત્ર વધારો થવાની અપેક્ષા છે. અત્યાર સુધી દમણ મુખ્યત્વે દક્ષિણ ગુજરાત પૂરતું સીમિત હતું, પરંતુ હવે દેશભરમાંથી પ્રવાસીઓ સરળતાથી અહીં આવી શકશે. અહીં બનેલી નાઈટ માર્કેટ પણ પ્રવાસીઓ માટે નવું આકર્ષણ બનશે.







## RBIએ રેપો રેટ યથાવત રાખતા લોકોને મોટી રાહત




મુંબઈ,તા.૦૫

ભારતીય રિઝર્વ બેંકે (RBI) ૫ જૂન, ૨૦૨૬ ના રોજ નાણાકીય નીતિની જાહેરાત કરતા વ્યાજ દરોમાં કોઈ ફેરફાર કર્યો નથી. ગવર્નર સંજય મલ્હોત્રાની અધ્યક્ષતામાં લેવાયેલા આ નિર્ણયથી સામાન્ય લોકોને મોટી રાહત મળી છે અને હોમ તથા કાર લોનના ઈએમઆઈ (EMI) હાલ સ્થિર રહેશે.

ગવર્નરે જણાવ્યું કે પશ્ચિમ એશિયાના ભૂ-રાજકીય તણાવ, વધતા ઊર્જાના ભાવ અને સપ્લાય ચેઈનની સમસ્યાઓ છતાં ભારતીય અર્થતંત્રના મૂળભૂત સિધ્ધાંતો મજબૂત છે, જેથી ભારત બાહ્ય આંચકાઓ સામે લડવા સક્ષમ છે. જોકે, વૈશ્વિક સ્તરે મોંઘવારીનો ડર અને દેવાના બોજથી બોન્ડ માર્કેટમાં મંદી છે, જ્યારે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ના કારણે શેરબજાર તેજીમાં છે. ડૉલર અને સોનાની માંગ વધતા ફોરેક્સ માર્કેટમાં પણ વધઘટ જોવા મળી છે. વર્ષ ૨૦૨૫ માં આરબીઆઈએ વ્યાજ દરોમાં ૧૨૫ બેસિસ પોઈન્ટનો ઘટાડો કર્યો હતો, પરંતુ બદલાયેલી વૈશ્વિક સ્થિતિને કારણે ફેબ્રુઆરી અને એપ્રિલ ૨૦૨૬ પછી સતત ત્રીજી વખત વ્યાજ દર સ્થિર રાખવામાં આવ્યા છે.



સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
શનિવાર, તા.૦૬-૦૬-૨૦૨૬

રાજયના ઉર્જામંત્રી કૌશિક વેકરીયાના હસ્તે વિકાસ યજ્ઞનું આયોજન

# અમરેલીમાં આજે કરોડો રૂપિયાના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત

**સાંસદ, જિલ્લા ભાજપ પ્રમુખ, પાલિકા પ્રમુખ સહિતનાઓ ખાસ હાજર રહેશે**

અમરેલી,તા.૦૫

અમરેલી નગરપાલિકા દ્વારા શહેરમાં ભવ્ય 'વિકાસ યજ્ઞ'નું આયોજન કરવામાં આવ્યું છે. તારીખ ૦૬ જુન ૨૦૨૬, શનિવારના રોજ અમરેલી શહેરના વિવિધ વિસ્તારોમાં કરોડો રૂપિયાના ખર્ચે થનારા વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત રાજ્યકક્ષાના મંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે કરવામાં આવશે. જેમાં પ્રથમ કાર્યક્રમ સાંજે ૦૪:૩૦ કલાકે સાવર કુંડલા રોડ, પાણીની ટાંકી સામે યોજાશે. જેમાં શહેરના અલગ-અલગ વિસ્તારોમાં રોડ રસ્તા, ડ્રેનેજ લાઈન અને સ્ટ્રીટલાઈટની કામગીરીઓ માટે રૂ. ૨૦૫.૬ લાખ ફાળવવામાં આવ્યા છે. જયારે બીજો કાર્યક્રમ ૦૫:૩૦ કલાકે પરેશભાઈ



આચાર્યની ઓફીસ સામે યોજાશે. જેમાં અમરેલીના ૩ મુખ્ય માર્ગોને 'આઈકોનિક રોડ' તરીકે ડેવલપ કરવા માટે રૂ. ૪૭૨ લાખની કામગીરીનું ખાતમુહૂર્ત કરાશે. આ તમામ કાર્યોથી અમરેલી શહેરની માળખાકીય સુવિધાઓમાં મોટો સુધારો જોવા મળશે અને સ્થાનિક નાગરિકોને આધુનિક સુવિધાઓનો લાભ મળશે. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયા, જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, પી.પી. સોજીત્રા તેમજ અમરેલી જિલ્લા ભાજપના મહામંત્રી રાજુભાઈ ભુતૈયા, મયુરભાઈ માંજરીયા અને ચેતનભાઈ શિયાળ ખાસ ઉપસ્થિત રહેશે. અમરેલી નગરપાલિકાના પ્રમુખ વૈશાલીબેન સંદીપભાઈ માંગરોળીયા, ઉપપ્રમુખ વિરલભાઈ પોપટ, કારોબારી ચેરમેન મૌલિકભાઈ ઉપાધ્યાય અને ચીફ ઓફિસર વિનોદભાઈ સી. રાઠોડ અને નગરપાલિકાના તમામ સદસ્યઓ દ્વારા આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા નિમંત્રણ પાઠવ્યું છે.

# બાબરા હાઈવે પર હોટેલોની બહાર આડેધડ વાહન પાર્કિંગથી લોકોમાં અકસ્માત થવાનો ડર

બાબરા, તા.૦૫

બાબરા શહેરમાંથી પસાર થતા હાઈવે પર આવેલી કેટલીક હોટલો અને ઢાબાઓ બહાર વાહનોનું આડેધડ પાર્કિંગ કરવામાં આવતું હોવાથી અકસ્માતની શક્યતાઓ વધી રહી છે. ખાસ કરીને હાઈવેની સાઈડમાં ટ્રક, બસ, કાર તેમજ અન્ય વાહનો અડચણરૂપ ઊભા રાખવામાં આવતા હોવાથી રસ્તા પર અવર-જવરમાં મુશ્કેલી પડે છે. સ્થાનિક લોકો અને વાહનચાલકોના જણાવ્યા મુજબ રાત્રિના સમયે હોટલો પાસે વાહનોની લાંબી કતારો લાગતી હોવાથી અન્ય વાહનચાલકોને રસ્તાની સ્થિતિનો અંદાજ આવતો નથી, જેના કારણે અકસ્માત સર્જાવાનો ભય સતત રહે છે. હાઈવે પર ઝડપી ગતિએ પસાર થતા વાહનો માટે આ સ્થિતિ વધુ જોખમી બની રહી છે. નાગરિકોમાં એવી પણ માંગ ઉઠી છે કે ટ્રાફિક પોલીસ દ્વારા નિયમિત પેટ્રોલિંગ કરી હાઈવે પર ગેરકાયદે અને જોખમી રીતે પાર્ક કરાયેલા વાહનો સામે કડક કાર્યવાહી કરવામાં આવે. સાથે જ હોટેલના સંચાલકોને પણ પોતાના પાર્કિંગની યોગ્ય વ્યવસ્થા કરવા સૂચના આપવામાં આવે જેથી હાઈવે પર ટ્રાફિક વ્યવસ્થા જળવાઈ રહે.

# સા.કુંડલા વિધાનસભા નાવલી પ્રીમિયર લીગ સીઝન-૨ માં જય માતાજી ઈલેવન ચેમ્પિયન

સાવરકુંડલા, તા.૦૫

સાવરકુંડલા વિધાનસભા દ્વારા આયોજિત નાવલી પ્રીમિયર લીગ (NPL) સિઝન-૨ની ફાઈનલ મેચમાં જય માતાજી ઈલેવન ફાઈનલ મેચમાં ચેમ્પિયન બની હતી. આ મેચમાં પ્રસંગે ઊર્જા રાજ્ય મંત્રી કૌશિકભાઈ વેકરિયા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિજેતા તેમજ તમામ ભાગ લેનાર ટીમોને



અભિનંદન પાઠવતાં રમતગમત દ્વારા યુવાનોમાં શિસ્ત, ટીમભાવના અને સ્વસ્થ સ્પર્ધાની ભાવના વિકસે છે તેમ જણાવ્યું હતું.આ કાર્યક્રમમાં સ્થાનિક ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, ધારીના ધારાસભ્ય જે.વી. કાકડિયા, લાઠીના ધારાસભ્ય જનકભાઈ તળાવિયા, ગુજરાત ભાવ નિયંત્રણ બોર્ડના ચેરમેન જીગ્નેશભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ દક્ષાબેન ધર્મેશભાઈ ચોડવડીયા, ઉપપ્રમુખ મહાવીરબાપુ ભગત, ચેતનભાઈ શિયાળ, સાગરભાઈ સરવૈયા તેમજ સાવરકુંડલા નગરપાલિકા પ્રમુખ નયનાબેન અનુલભાઈ કાપડિયા ઉપસ્થિત રહ્યા હતા.

# બાબરા નગરપાલિકામાં ટેન્ડર પ્રક્રિયા મુદ્દે આંતરિક જૂથવાદ ચરમસીમાએ

બાબરા, તા.૦૫

બાબરા નગરપાલિકામાં રૂ. એક કરોડના વિકાસ કામોના ટેન્ડર મુદ્દે શરૂ થયેલો વિવાદ હવે ચર્ચાના કેન્દ્ર સ્થાને છે. ટેન્ડર પ્રક્રિયામાં અનિયમિતતા અને મનસ્વી રીતે કામોની ફાળવણી થતી હોવાના આક્ષેપો સાથે આ આખો મામલો લાઠી-બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા સમક્ષ પહોંચ્યો છે. નગરપાલિકાના વર્તમાન તેમજ પૂર્વ સભ્યો અને કેટલાક ચોક્કસ કર્મચારીઓ જ પડદા પાછળ રહીને આ કામો રાખતા હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે.આ વિવાદ વધુ વકરતા ધારાસભ્ય દ્વારા તાકીદે લાઠી ખાતે ભાજપના તમામ સભ્યોની એક બેઠક બોલાવવામાં આવી હતી. આ બેઠકમાં શિસ્ત જાળવવાની શિખામણ વચ્ચે સભ્યોનો આક્રોશ ફાટી નીકળ્યો હતો. સિનિયર અને પ્રથમ વખત ચૂંટાયેલા સભ્યોએ ખુલ્લેઆમ નારાજગી વ્યક્ત કરતા જણાવ્યું કે, અગાઉના કામોના બિલો હજુ ચૂકવાયા નથી. સભ્યોએ સ્પષ્ટ ચીમકી આપી છે કે જો પ્રમુખ સિવાય અન્ય કોઈ વ્યક્તિ વહીવટમાં દખલગીરી કરશે તો આગામી સમયમાં સામાન્ય સભા ચાલવા દેવામાં નહીં આવે. સ્થાનિક સભ્યોમાં એવી પણ વ્યાપક લાગણી છે કે ધારાસભ્ય પોતાના નજીકના લોકોને જ પ્રાધાન્ય આપી રહ્યા છે, જેના કારણે વહીવટમાં પારદર્શિતા જોખમાઈ છે. બાબરા નગરપાલિકામાં ભાજપના ૨૨ સભ્યો બહુમતીમાં હોવા છતાં આંતરિક સંકલન અને એકતાના અભાવે વિકાસ કાર્યો રૂંધાઈ રહ્યા હોવાનું ચિત્ર સ્પષ્ટ ઉપસી રહ્યું છે.

મોટી કુંકાવાવની વ્રજ વિદ્યાલય ખાતે

# વિશ્વ પર્યાવરણ દિનની ભવ્ય ઉજવણી કરાઈ

**સંસ્થાના પ્રમુખ વસંતભાઈ મોવલીયાએ પર્યાવરણ દિનની શુભેચ્છાઓ પાઠવી**

અમરેલી,તા.૦૫

૫ જૂન વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે કુંકાવાવની વ્રજ વિદ્યાલય ખાતે વિદ્યાર્થીઓની સહભાગીદારી સાથે વૃક્ષારોપણ કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના પ્રથમ દિવસે જ યોજાયેલા આ કાર્યક્રમ દ્વારા બાળકોમાં પર્યાવરણ સંવર્ધન પ્રત્યે જાગૃતિ લાવવાનો પ્રશંસનીય પ્રયાસ કરાયો હતો. આ પ્રસંગે આચાર્યએ ગ્લોબલ વૉર્મિંગની ગંભીર સ્થિતિ અને તેના નિવારણના ઉપાયો વિશે વિસ્તૃત ચર્ચા કરી હતી. તેમણે જણાવ્યું કે ગ્લોબલ વૉર્મિંગને ડામવાનો સૌથી ઉત્તમ ઉપાય વધુમાં વધુ વૃક્ષો વાવવાનો છે. આ સાથે જ પર્યાવરણને નુકસાન



પહોંચાડતા પ્લાસ્ટિકનો ઉપયોગ અટકાવી 'પ્લાસ્ટિક મુક્ત ગુજરાત' બનાવવા માટે સૌને સંકલ્પબધ્ધ થવા અનુરોધ કર્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અપીલ મુજબ 'એક પેડ મા કે નામ' પ્રકલ્પ અંતર્ગત દરેક બાળક પોતાની માતાના નામે એક વૃક્ષ વાવે અને તેનો ઉછેર કરે તેવા હેતુથી વિદ્યાર્થીઓને વિવિધ રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. સંસ્થાના પ્રમુખ વસંતભાઈ મોવલિયાએ પ્રેરક સંદેશા સાથે પર્યાવરણ દિનની શુભેચ્છાઓ પાઠવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા આચાર્ય દીક્ષિતભાઈ, કૌશિકભાઈ મકવાણા, કેતનભાઈ, સમગ્ર સ્ટાફ અને પ્રતિનિધિ ઉદયભાઈ દેસાઈએ ભારે જહેમત ઉઠાવી હતી.

# બગસરાનો અટલજી પાર્કની ૬ વર્ષ બાદ રૂ. ૨ કરોડના ખર્ચે થશે કાયાપલટ

બગસરા, તા.૦૫

બગસરા શહેરમાં બાળકો અને વડીલો માટે આહલાદક સ્થળ સમાન અટલજી પાર્ક તાવતે વાવાઝોડામાં સંપૂર્ણપણે નષ્ટ થઈ ગયો હતો. વર્ષ ૨૦૧૦માં તત્કાલીન નગરપાલિકા પ્રમુખ કુસુમબેન ડોડીયાના માર્ગદર્શન હેઠળ પાલિકાના ઉત્સાહી કર્મચારી ચેતન દેવલુકે રાત-દિવસ એક કરીને માત્ર ત્રણ વર્ષમાં આ સુંદર બગીચો તૈયાર કર્યો હતો, જેનું લોકાર્પણ પૂર્વ કૃષિમંત્રી દિલીપભાઈ સંઘાણીના હસ્તે કરાયું હતું. વાવાઝોડા બાદ વહીવટી ઉદાસીનતાને લીધે છેલ્લા છ વર્ષથી આ પાર્ક બિસ્માર હાલતમાં હતો. હવે સરકારની ગ્રાન્ટમાંથી રૂપિયા બે કરોડના ખર્ચે આ બગીચાની ભવ્ય કાયાપલટ કરવામાં આવી રહી છે. નગરપાલિકાના પ્રમુખ અને ચીફ ઓફિસરે પ્રશંસનીય નિર્ણય લઈને ભૂતકાળમાં ૧૨ વર્ષ સુધી આ બાગને લોહી-પરસેવો વહાવીને સીંચનાર ચેતન દેવલુકને ફરીથી વૃક્ષો અને ફૂલછોડ ઉછેરવાની મહત્વની જવાબદારી સોંપી છે, જેથી ટૂંક સમયમાં જ બગસરા શહેરની રોનક ફરી પાછી ખીલી ઉઠશે.

# મોરારીબાપુએ રાજુલાના મહાત્મા ગાંધી આરોગ્ય મંદિરની ઓચિંતી મુલાકાત લીધી

રાજુલા, તા.૦૫

રાજુલામાં તાજેતરમાં કરોડોના રૂપિયાના ખર્ચે નિર્મિત અને પૂજ્ય મોરારીબાપુના હસ્તે લોકાર્પિત મહાત્મા ગાંધી આરોગ્ય મંદિર ત્રણ તાલુકા માટે આશીર્વાદરૂપ બની રહ્યું છે. લોકાર્પણ સમયે આરોગ્ય મંત્રી અને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ



તસવીર : ગોપાલ રાઠોડ

પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ હોસ્પિટલ રાજુલા, ખાંભા અને જાફરાબાદ - ત્રણેય તાલુકાના દર્દીઓ માટે નવી આશાનું કેન્દ્ર બની છે. આજે પરમ પૂજ્ય મોરારીબાપુએ કોઈને જાણ કર્યા વિના મહાત્મા ગાંધી આરોગ્ય મંદિરની ઓચિંતી મુલાકાત લીધી. બાપુએ વોર્ડમાં દર્દીઓના બેડ પાસે ઊભા રહીને સૌના ખબર-અંતર પૂછ્યા અને તેમના સ્વાસ્થ્યની ચિંતા વ્યક્ત કરી હતી. કર્મચારીઓને પણ બાપુ મળ્યા અને તેમની સેવાભાવી કામગીરીને બિરદાવી હતી.

# ભુરખીયા ખાતે તળાવના રીસ્ટોરેશનનું જનક તળાવીયાના હસ્તે કરાયું ખાતમુહૂર્ત

લાઠી, તા.૦૫

લાઠી તાલુકાના ભુરખીયા ગામે તળાવના રીસ્ટોરેશન કાર્યનું ખાતમુહૂર્ત આજે સ્થાનિક ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના હસ્તે કરવામાં આવ્યું હતું. રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને વધુ સારી સિંચાઈ સુવિધા ઉપલબ્ધ થાય અને પાણીના સંગ્રહ ક્ષમતા વધે તે માટે રૂ.



૩૮.૩૦ લાખના ખર્ચે આ મહત્વપૂર્ણ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.જનકભાઈ તળાવીયાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર ખેડૂતોના હિતને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી રહી છે. સિંચાઈ યોજનાઓના પુનઃસ્થાપન દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં કૃષિ વિકાસને નવી દિશા મળશે. આ તળાવના રીસ્ટોરેશનથી આજુબાજુના ખેડૂતોને સિંચાઈ માટે પૂરતું પાણી ઉપલબ્ધ બનશે, જેના પરિણામે કૃષિ ઉત્પાદન વધશે.









# વડિયા પંથકમાં લાખોના ખર્ચે બની રહેલા પુલની ધીમી કામગીરીથી સ્થાનિકોમાં નારાજગી

વડિયા, તા.૦૫

વડિયાથી ઢૂંઢિયા પીપળીયા, વિસાવદર અને ચુડા સહિતના અનેક ગામોને જોડતા મુખ્ય માર્ગ બની રહેલા નવા પુલની કામગીરીમાં મોટા પાયે ભ્રષ્ટાચાર અને નબળી ગુણવત્તાના ગંભીર આક્ષેપો ભાજપના જ આગેવાન રવજીભાઈ ચુડાસમાએ કર્યા છે. આ ઉપરાંત પુલની ધીમી કામગીરીને કારણે સ્થાનિકોમાં તીવ્ર રોષ ફાટી નીકળ્યો છે. આશરે રૂ. ૯૦થી ૯૫ લાખના ખર્ચે બની રહેલો આ પુલ તંત્ર અને કોન્ટ્રાક્ટરની ઘોર બેદરકારીનો નમૂનો બની ગયો હોવાનું સ્થાનિક ભાજપના અગ્રણીઓ અને ગ્રામજનો કહે છે. તેમના જણાવ્યા અનુસાર, આ મુખ્ય માર્ગ પર પુલનું કામ છેલ્લા ૮ થી ૧૦ મહિનાથી ગોકળગતિએ ચાલી રહ્યું છે. ચોમાસું નજીક છે ત્યારે હજુ સુધી કામ પૂરું થયું નથી, જેને કારણે આગામી દિવસોમાં વાહનવ્યવહાર ઠપ્પ થઈ જવાની અને ચોમાસામાં લોકો ભારે મુશ્કેલીમાં મુકાય તેવી પૂરેપૂરી સંભાવના છે. પુલના નિર્માણમાં એન્જિનિયરિંગના કોઈ પણ નીતિ-નિયમોનું પાલન કરવામાં આવ્યું



નથી. પુલમાં ક્યાંય લેવલિંગ જોવા મળતું નથી અને આખા પુલ પર સિમેન્ટના થિંગડા મારીને કામ આટોપી લેવાનો પ્રયાસ કરાયો હોવાના આક્ષેપો સ્થાનિકો કરી રહ્યા છે. ગામ લોકોએ આક્રોશ સાથે જણાવ્યું હતું કે, પુલ બનાવતી વખતે તેના પ્રથમ પાયાનું જરૂરી ખોદકામ જ કરવામાં આવ્યું નથી. પાયો ખોદ્યા વગર જ સીધું ચણતર કરી દેવાતા પુલ સામાન્ય કરતાં ઘણો ઊંચો બની ગયો છે. પહેલાં લોકો જે નીચા બેઠા કોઝવે પરથી સરળતાથી પસાર થતા હતા, હવે આ પુલ એટલો ઊંચો થઈ ગયો છે કે તેના પરથી વાહન લઈને પસાર થવું એટલે જાણે 'સાંઢિયા' (ઊંટ) પર સવારી કરવા બરાબર કપરા ચઢાણ જેવું થઈ ગયું છે. ગ્રામજનોએ એકસૂરે માંગ કરી છે કે, આ ભ્રષ્ટાચારયુક્ત અને જોખમી પુલને તાત્કાલિક અસરથી તોડી પાડવામાં આવે અને નિયમબધ્ધ રીતે નવેસરથી મજબૂત પુલનું નિર્માણ કરવામાં આવે. જો તંત્ર દ્વારા આ બાબતે વહેલી તકે કડક પગલાં લેવામાં નહીં આવે, યોગ્ય તપાસ કરવામાં નહિ આવે તો આગામી દિવસોમાં ગાંધી ચીંધ્યા માર્ગ અપનાવવાની ફરજ પડશે.

# અમરેલીમાં એસબીઆઈના એટીએમ શોભાના ગાંઠીયા બનતા ખાતેદારોમાં રોષ

અમરેલી,તા.૦૫




અમરેલી શહેરમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ના મોટાભાગના એટીએમ સેન્ટરો છેલ્લા કેટલાક સમયથી માત્ર શોભાના ગાંઠિયા સમાન બનીને રહી ગયા છે. શહેરમાં આવેલા એસબીઆઈના મુખ્ય એટીએમ મશીનો અવારનવાર બંધ હાલતમાં જોવા મળે છે અથવા તો તેમાં રોકડ રકમ ઉપલબ્ધ હોતી નથી. આ ગંભીર સમસ્યાના કારણે સામાન્ય નાગરિકો, વેપારીઓ અને નોકરિયાત વર્ગને પોતાના જ નાણાં ઉપાડવા માટે ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. ખાસ કરીને તહેવારો, જાહેર રજાઓ અથવા ઈમરજન્સીના સમયે જ્યારે લોકોને તાત્કાલિક નાણાકીય વ્યવહાર કરવાની જરૂર હોય છે, ત્યારે આ એટીએમ કેન્દ્રો પર 'આઉટ ઓફ સર્વિસ' ના બોર્ડ લટકતા જોવા મળે છે. ડિજિટલ ઈન્ડિયાના આ યુગમાં પણ બેંકની આવી અણઘડ વ્યવસ્થાને લીધે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને સ્થાનિકો દ્વારા એટીએમ સેવાઓ ઝડપથી સુધારવા માટે ઉગ્ર માંગ કરવામાં આવી રહી છે.

# ઉંટવડ ગામે ભરડીયાના ગ્રાઉન્ડમાં સુતેલા યુવક પર ટેન્કર ફરી વળતાં કમકમાટીભર્યું મોત

બાબરા, તા.૦૫

રાજકોટ-ભાવનગર હાઈવે પર આવેલા ઉંટવડ ગામ નજીક ભરડીયાના ખુલ્લા ગ્રાઉન્ડમાં સુતેલા ૩૭ વર્ષીય યુવક પર ટેન્કરનું ટાયર ફરી વળતાં તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.

આ અંગે અમરેલીના વરસડા ગામના રહેવાસી હિતેષભાઈ ધીરૂભાઈ ગોહિલ (ઉ.વ.૩૯)એ જાહેર કર્યા મુજબ, મિતેષભાઈ ઉર્ફે લાખાભાઈ ધીરૂભાઈ ગોહિલ (ઉં.વ. ૩૭) ગત રોજ ઉંટવડ ગામે આવ્યા હતા. રાજકોટ-ભાવનગર હાઈવે પર આવેલા દિગ્વિજયભાઈ દાનકુભાઈ વાળાના 'મોગલકૃપા' નામના ભરડીયાના ગ્રાઉન્ડમાં તેઓ રાત્રિના સમયે જમીન પર ગાદલું નાખીને ખુલ્લામાં સુતા હતા. રાત્રિના આશરે એકાદ વાગ્યાના અરસામાં ગ્રાઉન્ડમાં પાર્ક કરવા અથવા પસાર થવા દરમિયાન ટેન્કરના ચાલકે પોતાનું વાહન અંધારામાં ખુલ્લા ગ્રાઉન્ડમાં સુતેલા મિતેષભાઈ પર ચડાવી દીધું હતું. ટેન્કરનું ટાયર મિતેષભાઈના શરીર પરથી ફરી વળતાં તેમને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી અને ઘટનાસ્થળે જ તેમનું પ્રાણપંખેરું ઊડી ગયું હતું. જે બાદ ટેન્કર ચાલક ફરાર થઈ ગયો હતો.

બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ભાવિકભાઈ લાલજીભાઈ ખેર વધુ તપાસ કરી રહ્યા છે.

# લીલીયાના વિકાસ કાર્યો અંગે સાંસદ અને જિલ્લા પંચાયત પ્રમુખ સાથે જિગ્નેશ સાવજની ચર્ચા

લીલીયા, તા.૦૫

લીલીયાના જિલ્લા પંચાયતના સદસ્ય જિગ્નેશ સાવજે અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયા તેમજ જિલ્લા પંચાયતના પ્રમુખ દક્ષાબેન ચોડવડીયાની શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ દરમિયાન તેમણે લીલીયા તાલુકાના સ્થાનિક પ્રશ્નો અને નવા વિકાસ આયોજનો અંગે ચર્ચા કરી હતી. આ બેઠક દરમિયાન



લીલીયા તાલુકામાં ચાલી રહેલા કાર્યોની સમીક્ષા કરવામાં આવી હતી. તાલુકાના ગામડાઓમાં રસ્તા, પાણી, આરોગ્ય અને શિક્ષણ જેવી પાયાની સુવિધાઓ વધુ મજબૂત બનાવવી તે અંગે સાંસદ અને જિલ્લા પંચાયત પ્રમુખ સમક્ષ સ્થાનિક જરૂરિયાતોને ધ્યાને રાખીને યોગ્ય ગ્રાન્ટ અને વહીવટી મંજૂરીઓ વહેલી તકે મળે તે માટે રજૂઆત કરી હતી. આ તકે ભીખાભાઈ ધોરાજીયા, ગૌતમભાઈ વિછીયા, ધર્મેશ દેસાઈ, કેતનભાઈ ઢાંકેચા, વિજય ગજેરા, હસમુખ પોલરા સહિતના લીલીયા તાલુકા ભાજપના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલીમાં પ્રેમસંબંધની અદાવતમાં યુવકને પકડીને બેલ્ટથી ફટકાર્યો

અમરેલી, તા.૦૫

**પ્રેમિકાની માતા સહિત ત્રણ સામે ફરિયાદ નોંધાઈ**

અમરેલીમાં પ્રેમસંબંધની અદાવતમાં એક યુવકને પકડીને બેલ્ટથી ફટકારવામાં આવ્યો હતો, જે અંગે યુવકે પ્રેમિકાની માતા સહિત ત્રણ લોકો સામે ફરિયાદ નોંધાવી છે. આ અંગે અમરેલીમાં રહેતા રાજુભાઈ વિનોદભાઈ બારૈયા (ઉ.વ.૨૪) એ લાઠીમાં રહેતા ગીલીબેન મકવાણા, સંજયભાઈ મકવાણા તથા રોહીતભાઈ મકવાણા સામે ફરિયાદ નોંધાવી હતી.ફરિયાદ મુજબ, રાજુભાઈને ગીલીબેન મકવાણાની દીકરી સાથે પ્રેમસંબંધ હતો. જેનું મનદુઃખ રાખી તમામ આરોપીઓએ જેમ ફાવે તેમ ગાળો આપી હતી. ગીલીબેન મકવાણાએ રાજુભાઈને પાછળથી પકડી રાખ્યા હતા, જે બાદ સંજયભાઈ મકવાણાએ તેમના જમણા પગમાં બેલ્ટ માર્યો હતો. તેમજ રોહીતભાઈએ ઝાપટો મારી મૂંઢ ઈજા કરી હતી અને જતાં-જતાં તમામે જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ.બી. મારૂ આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

# ધારીના ગીરના સરસીયા રેન્જમાં સિંહણનો મૃતદેહ મળ્યા બાદ તપાસના આદેશ

અમરેલી,તા.૦૫

ધારી ગીર પૂર્વ ડિવિઝનની સરસીયા રેન્જના લુવારીયા કૃષ્ણગઢ વિસ્તારમાંથી ગઈ કાલે એક સિંહણનો મૃતદેહ મળી આવતા વનવિભાગની કામગીરી સામે ગંભીર સવાલો ઉભા થયા છે. આ ઘટનાને પગલે જૂનાગઢના ચીફ ફોરેસ્ટ કન્ઝર્વેટર રામ રતન નાલાએ ત્વરિત એક્શન લઈને ઉચ્ચ સ્તરીય તપાસના આદેશ આપ્યા છે. ગીર પૂર્વ, શેત્રુંજી અને વિસ્તરણ ડિવિઝનના એસીએફ કક્ષાના અધિકારીઓની સંયુક્ત ટીમે સ્થળ મુલાકાત લઈને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. આ ખાસ તપાસ ટીમ સિંહણનો મૃતદેહ કેટલા દિવસોથી ત્યાં પડ્યો હતો, સ્થાનિક સ્ટાફને તેની જાણ કેમ ન થઈ અને આ ગંભીર બેદરકારી પાછળ કોણ જવાબદાર છે તે તમામ પાસાઓની ઝીણવટભરી તપાસ કરીને અહેવાલ સોંપશે.

# બાબરા બ્રહ્મ સમાજ દ્વારા વિવિધ ક્ષેત્રોમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓનો ભવ્ય સન્માન સમારોહ યોજાશે

બાબરા, તા.૦૫

બાબરા બ્રહ્મ સમાજ દ્વારા સમાજનું ગૌરવ વધારતા અને વિવિધ ક્ષેત્રોમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓના સન્માન માટે એક વિશેષ સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ભવ્ય કાર્યક્રમ આગામી ૭ જૂન, રવિવારના રોજ સાંજે ૪:૦૦ કલાકે બાબરા સ્થિત ગાયત્રી મંદિર ખાતે યોજાશે. જાહેર જીવન અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં મહત્વપૂર્ણ જવાબદારીઓ નિભાવતા પ્રતિનિધિઓને આ પ્રસંગે બિરદાવવામાં આવશે. આ સમારોહ દરમિયાન નગરપાલિકા ઉપપ્રમુખ યજ્ઞેશ શુક્લ, સભ્યો મયુરભાઈ રાવળ અને રમેશ તેરૈયા, નાગરિક બેંકના ડિરેક્ટર બળવંતભાઈ ચાવ, તેમજ અતુલભાઈ ત્રિવેદી અને ગૌરવભાઈ તેરૈયા સહિતના આગેવાનોનું વિશેષ સન્માન કરાશે. બ્રહ્મ સમાજના આગેવાનો, યુવાનો અને મહિલાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવશે.


સંકુલ કોલેજ પ્રવેશ ચાલુ
BA - MA - સાયકોલોજી
BA - MA - સોસીયોલોજી
BA - MA - ઈંગ્લીશ
B.Com. - M.Com - ગુજરાતી મિડીયમ
B.Com. - M.Com - ઈંગ્લીશ મિડીયમ
B.Sc. - M.Sc - માઈક્રોબાયોલોજી
B.Sc. - M.Sc - બાયોટેક્નોલોજી
BCA - MCA - કોલેજ (GTU)
BBA - MBA - કોલેજ (GTU)
B.Pharm. - M.Pharm.
B.Ed. - PTC - કોલેજ
PG - DMLT - કોલેજ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી- Ad095


# રાજુલાના ઊંટિયા ગામે ઝઘડા મુદ્દે ઠપકો આપતા ઊંધી કુહાડીનો ઘા માર્યો

**સામસામે જાનથી મારી નાખવાની ફરિયાદ નોંધાઈ**

રાજુલા, તા. ૦૫

રાજુલાના ઊંટિયા ગામે ઝઘડા મુદ્દે ઠપકો આપતા ઊંધી કુહાડીનો ઘા માર્યો હતો. આ અંગે બંને પક્ષોએ સામસામે ફરિયાદ નોંધાવી હતી. પ્રથમ પક્ષે, રમેશભાઈ ઉકાભાઈ પરમાર (ઉ.વ.૨૪) એ જીતુભાઈ ખીમાભાઈ પરમાર, લાભુબેન જીતુભાઈ પરમાર તથા ભોલુ જીતુભાઈ પરમાર સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમના પત્ની સાથે લાભુબેન વગર વાંકે ઝઘડો કરતા હતા. જેથી તેમણે ત્યાં જઈને ઠપકો આપતા સામેવાળા પક્ષને સારું લાગ્યું નહોતું. આથી જીતુભાઈએ લાકડી વડે તથા ભોલુ પરમારે ડાબા હાથના બાવડામાં ઊંધી કુહાડીનો ઘા મારીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે બાદ સામા પક્ષે જીતુભાઈ ખીમાભાઈ પરમાર (ઉ.વ.૩૨) એ રમેશભાઈ ઉકાભાઈ પરમાર તથા હેતલબેન રમેશભાઈ પરમાર સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, રમેશભાઈ પરમારનો ભત્રીજો તેમની (જીતુભાઈ) સાથે મજૂરીએ જતો હતો. જે આરોપીને સારું નહીં લાગતા, તેનું મનદુઃખ રાખી શરીરે આડેધડ ઢીકાપાટુનો મૂઢમાર મારી ગાળો આપી હતી તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ડુંગર પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ. કે. પીછડીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# નાળ અને વીરડી ગામ વચ્ચે અકસ્માતમાં બાઈકસવાર પતિનું મોત, પત્ની ઈજાગ્રસ્ત

**પતિ-પત્ની બાઈક લઈને જતા હતા ત્યારે આઈસરે ટક્કર મારી**

વંડા, તા. ૦૫

નાળ અને વીરડી ગામ વચ્ચે એક આઈસરે બાઈક ચાલક દંપતીને જોરદાર ટક્કર મારતાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં પતિનું કરુણ મોત નીપજ્યું હતું, જ્યારે પત્નીને ઈજાઓ પહોંચી હતી.

આ અંગે વીરડી ગામે રહેતા ધીરૂભાઈ ભીખાભાઈ ડાભી (ઉ.વ. ૪૭) એ પોલીસ સમક્ષ જાહેર કર્યા મુજબ, તેમના ભાઈ મુનાભાઈ ભીખાભાઈ ડાભી (ઉ.વ. ૪૫) તથા તેમના ભાભી લાડુબેન બંને મોટરસાયકલ પર વીરડી ગામે આવી રહ્યા હતા. તે દરમિયાન સાંજના સાડા પાંચેક વાગ્યે નાળ અને વીરડી ગામની વચ્ચે પહોંચતા સામેથી આવતા એક આઈસર ચાલકે તેમના ભાઈની મોટરસાયકલને જોરદાર ટક્કર મારી હતી. જેમાં તેમના ભાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેમનું મોત નીપજ્યું હતું, જ્યારે તેમના ભાભીને સામાન્ય ઈજા પહોંચી હતી.

વંડા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ પી. જે. રામાણી આ અંગે વધુ તપાસ ચલાવી રહ્યા છે.











# અમરેલીની એમ.એલ.કાકડીયા MCA મહિલા કોલેજનું ૧૦૦% પરિણામ

અમરેલી,તા.૦૫

અમરેલી જીલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત, શાંતાબેન હરીભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ અમરેલી ખાતે આવેલી એમ. એલ. કાકડીયા MCA મહિલા કોલેજનું સેમેસ્ટર-IV નું યુનિવર્સિટી પરિણામ ૧૦૦% ડિસ્ટીંકશન સાથે ૧૦૦%



આવ્યું છે. કોલેજે યુનિવર્સિટી ટોપટેનમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે, ઉપરાંત સંસ્થાની ત્રણ વિદ્યાર્થીનીઓએ પણ ટોપટેનમાં ગૌરવભર્યું સ્થાન મેળવ્યું છે. જેમાં ચૌહાણ કૃપાલી બી. (બીજું સ્થાન), નાડોડા નેન્સી એ. (ત્રીજું સ્થાન) અને બાલ્ધા હાર્મી આર. (આઠમું સ્થાન) એમ ત્રણેય વિદ્યાર્થીનીઓએ ૧૦.૦૦ SPI સાથે ભવ્ય સફળતા હાંસલ કરી છે. આ ઐતિહાસિક સિધ્ધિ બદલ સંસ્થા દ્વારા સમગ્ર સ્ટાફ અને વિદ્યાર્થીનીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# સાવરકુંડલાના જૂની આંબરડી ગામેથી અંગ્રેજી દારૂની ૧૪૫ બોટલ ઝડપાઈ

**જિલ્લામાં બે સ્થળેથી વિદેશી દારૂ પકડાયો**

સાવરકુંડલા, તા. ૦૫

અમરેલી જિલ્લામાં બે સ્થળેથી વિદેશી દારૂ પકડાયો હતો. સાવરકુંડલાના જૂની આંબરડી ગામેથી ભારતીય બનાવટના અંગ્રેજી દારૂની ૧૪૫ બોટલ ઝડપાઈ હતી. ભૌતિકભાઈ ઉર્ફે કાનો રમેશભાઈ રાઠોડ (ઉ.વ. ૨૩) પાસેથી ભારતીય બનાવટનો પરપ્રાંતીય દારૂ અલગ-અલગ બ્રાન્ડની બોટલો નંગ-૧૪૫ મળી આવી હતી. પોલીસે તેની પાસેથી દારૂની બોટલો, મોબાઈલ મળી કુલ રૂ. ૨૭,૯૫૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આરોપીએ આ જથ્થો સુરતમાં રહેતા મૂળ આદસંગ ગામના સુરેશભાઇ શંભુભાઈ જાદવ પાસેથી ખરીદ્યો હોવાની કબૂલાત કરી હતી.બીજા બનાવમાં ક્રાંકચ ગામે પંચાયત પાસેથી બાઈક લઈને પસાર થતાં ત્રણ લોકોને અટકાવી તલાશી લેતાં તેમની પાસેથી ભારતીય બનાવટની વિદેશી દારૂની ૭ બોટલ મળી હતી. પોલીસે કુલ રૂ. ૧૦,૭૯૩નો પ્રોહિબિશન મુદ્દામાલ જપ્ત કર્યો હતો. દામનગરમાંથી ૫ લિટર અને રાજુલા ધોળિયા ડુંગર પાસેથી ૨ લિટર મળી કુલ ૭ લિટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો. અમરેલીમાંથી બે, ધારી તથા ડુંગર ગામે રેલવે ફાટક પાસેથી એક-એક મળી કુલ ૪ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.

# જીરામાં છાંટવાની ઝેરી દવા પીવાથી વાવડા ગામના પુરુષનું મોત

**મૃતકના પુત્રએ પોલીસમાં જાણ કરી**

બાબરા, તા. ૦૫

બાબરાના વાવડા ગામે એક પુરુષે જીરામાં છાંટવાની દવા પી લેતા તેમનું મોત થયું હતું. આ બનાવ અંગે યશભાઈ મુકેશભાઈ ભાયાણી (ઉ.વ.૨૦)એ જાહેર કર્યા મુજબ, મુકેશભાઈ લાભુભાઈ ભાયાણીએ અગમ્ય કારણોસર પોતાની મેળે વાડીએ જીરાના પાકમાં છાંટવાની જંતુનાશક ઝેરી દવા પી લીધી હતી. ઝેરી અસર થવાના કારણે તેમનું મૃત્યુ નીપજ્યું હતું. બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે.સી. સોલંકી આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલાના પ્રાંત અધિકારી ડો. મેહુલકુમાર બરાસરાનો વિદાય સમારંભ યોજાયો

રાજુલા,તા.૦૫

રાજુલા શહેરમાં બે વર્ષથી વધુ સમય સુધી નિષ્ઠાપૂર્વક ફરજ બજાવનાર અને અરજદારો તેમજ સ્ટાફમાં લોકપ્રિય બનેલા પ્રાંત અધિકારી ડો. મેહુલકુમાર બરાસરાને નિવાસી અધિક કલેક્ટર (RAC) તરીકે પ્રમોશન મળ્યું છે. તેમની પાટણ ખાતે બદલી થતા હોટલ દર્શન ખાતે એક ભવ્ય




તસવીર : ગોપાલ રાઠોડ

વિદાય સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે ધારી, લાઠી, અમરેલી અને સાવરકુંડલાના પ્રાંત અધિકારીઓ સહિત જિલ્લા પુરવઠા અધિકારી, નાયબ ચૂંટણી અધિકારી, રાજુલા-જાફરાબાદના પોલીસ ઈન્સ્પેક્ટરો, મામલતદારો, તાલુકા વિકાસ અધિકારીઓ અને મહેસુલી કર્મચારી મંડળના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં હાજર તમામ મહાનુભાવોએ ડો. બરાસરાની લોકહિતની ઉત્કૃષ્ટ કામગીરીની મુક્ત કંઠે પ્રશંસા કરી હતી અને તેમને નવી જવાબદારી માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

# સાવરકુંડલામાં તું કેમ લેડીઝના ફોટા પાડે છે કહી ઢીકાપાટુ માર્યા

**સા.કુંડલા ટાઉન પોલીસમાં ફરિયાદ નોંધાઈ**

સાવરકુંડલા, તા.૦૫

સાવરકુંડલામાં રહેતા રાજેશભાઈ ઉમીયાશંકર મહેતા (ઉ.વ.૫૮)એ જાહેર કર્યા મુજબ, તેઓ પોતાના ઘર આગળ ઉભા હોય તે દરમ્યાન તેમના ઘર આગળ બજારમાં વાહનો રોડ ઉપર પાર્ક કર્યા હતા, તેના ફોટા પાડતા હતા. તે દરમ્યાન સામાવાળાએ તેમને કહ્યું કે તું કેમ લેડીઝના ફોટા પાડે છો તેમ કહી ગાળો આપી શરીરે ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના પીએસઆઈ એ આર છોવાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાં પત્નીને તેડાવવાની પિતાએ ના પાડતાં પુત્રએ ઝેરી સ્પ્રે પી આપઘાતનો પ્રયાસ કર્યો

અમરેલી, તા.૦૫

અમરેલી શહેરમાંથી કૌટુંબિક વિવાદ અને માનસિક તણાવને કારણે એક યુવકે ઝેરી દવા પીને જીવન ટૂંકાવવાનો પ્રયાસ કર્યો હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી હતી. રિસામણે ગયેલી પત્નીને ઘરે પાછી લાવવાની પિતાએ ના પાડી ટૂંક સમયમાં છૂટાછેડા કરાવી દેવાની વાત કરતાં યુવકે આ આત્મઘાતી પગલું ભર્યું હોવાનું બહાર આવ્યું હતું. અમરેલીમાં રહેતા અરમાનભાઈ મુનાફભાઈ કાજી નામના યુવકના પત્ની કોઈ કારણોસર રિસામણે પિયર ગયા હતા. અરમાનભાઈ પોતાની પત્નીને સમજાવીને પરત ઘરે લાવવા ઈચ્છતા હતા, પરંતુ તેમના પિતા મુનાફભાઈએ વહુને પાછી લાવવાની સ્પષ્ટ ના પાડી દીધી હતી.

પિતાએ પત્નીને લાવવાની ના પાડવાની સાથે-સાથે અરમાનભાઈને થોડા સમયમાં જ પત્ની સાથે છૂટાછેડા કરાવી દેવાનું દબાણ કર્યું હતું. આ બાબતે પિતાએ પુત્ર અરમાનભાઈને સખત ઠપકો આપી ખીજાવા લાગ્યા હતા. જેથી તેને લાગી આવતા તેમણે પોતાના ઘરે રાખેલો વંદા મારવાનો ઝેરી સ્પ્રે પી લીધો હતો.

અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ એન વી લંગાળીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# ખાંભાના હનુમાનપુર ગામે ગાળો આપવાની ના પાડતાં લાકડીના ઘા માર્યા

**જાનથી મારવાની પણ ધમકી આપી**

ખાંભા, તા. ૦૫

ખાંભાના હનુમાનપુર ગામે ગાળો આપવાની ના પાડતાં લાકડીના ઘા માર્યા હતા, તેમજ જાનથી મારવાની પણ ધમકી આપી હતી. આ બનાવ અંગે કલ્પેશભાઈ કાંતીભાઈ વાઘેલા (ઉ.વ. ૨૫)એ કાનાભાઈ બચુભાઈ બારૈયા સામે ફરિયાદ નોંધાવી હતી.જે મુજબ, તેઓ તથા તેમના પત્ની ઘરે હાજર હતા તે દરમિયાન આરોપી તેમના ઘરે આવી તેમના સાળાને ગાળો આપવા લાગ્યો હતો. જેથી તેમણે આરોપીને ગાળો આપવાની ના પાડતાં આરોપીને સારું લાગ્યું નહોતું અને તે ઉશ્કેરાઈ ગયો હતો. આરોપીએ લાકડીનો એક ઘા કમરના (કેડના) ઉપરના ભાગે તથા એક ઘા ડાબા ગાલ ઉપર માર્યો હતો. જેથી ફરિયાદીએ રાડારાડ કરવા માંડતાં તેમના પત્ની તથા દાદી વચ્ચે પડ્યા હતા અને તેમને વધુ મારમાંથી બચાવ્યા હતા. આરોપીએ તેમના પત્નીને પણ ધક્કો મારી નીચે પછાડી દીધા હતા અને જતાં-જતાં ધમકી આપતાં કહ્યું હતું કે, "આજ તો તું બચી ગયો છે, હવે પછી જો મને સામો મળીશ તો જાનથી મારી નાખીશ."આ અંગે ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી. એમ. ગમારા વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: છઠ્ઠ
તા.૦૬-૦૬-૨૦૨૬, શનિવાર, સૂર્યોદય-૦૫:૨૨,
સૂર્યાસ્ત-૦૭:૧૬, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: શ્રાવણ

## દૈનિક રાશિફળ

તા.૦૬-૦૬-૨૦૨૬ શનિવાર

મેષ: આજે સંપત્તિનો વિસ્તાર થશે અને જીવનધોરણમાં સુધારો થશે.નોકરી અને ધંધામાં સહયોગીઓની ભાગીદારી અને સહયોગ પૂરતા પ્રમાણમાં મળશે.

વૃષભ:આજે દિવસના પહેલા ભાગમાં તમારી મહેનત મુજબ ફળ નહીં મળવાના કારણે તમને માનસિક પીડા થઈ શકે છે. તાજા વિચારો મનમાં આવતા હોવાથી કોઈ નક્કર નિર્ણય લેવો મુશ્કેલ બનશે.

મિથુન: દિવસ વ્યસ્ત રહેવાના કારણે ઇચ્છા અધૂરી રહી શકે છે. બપોર પછી જોખમી કાર્યો ટાળવાનો પ્રયાસ કરો, નહીં તો તમે મુશ્કેલીમાં મુકાઈ શકો છો.

કર્ક: આજે તમે કાર્યોની વિપુલતાને કારણે મૂંઝવણમાં આવી શકો છો. મહેનતનું યોગ્ય પરિણામ તમને મળશે નહીં બપોર સુધી કામમાં વિક્ષેપોના કારણે નિરાશ થશો.

સિંહ: દિવસના પહેલા ભાગમાં સ્થિતિઓ પ્રતિકૂળ રહેશે. નિર્ધારિત કાર્યમાં વિલંબના કારણે દોડવું પડી શકે છે. પૈસા સંબંધિત કામને લઈને કોઈની સાથે વિવાદ થઈ શકે છે.

કન્યા: આજે રોજગાર ક્ષેત્રે થઈ રહેલા પ્રયત્નોને કારણે આર્થિક સમસ્યાઓ હલ થશે. જાહેર ક્ષેત્ર તરફથી કોઈ સારા સમાચાર મળવાની સંભાવના છે.

તુલા: આજે મોટાભાગના સમયમાં તમારી ચંચળતા વધારે રહેશે. મહત્વપૂર્ણ કાર્યોમાં બેદરકારી બતાવશો અથવા શક્તિનો અભાવ પણ કાર્ય ખોટમાં પરિણમી શકે છે.

વૃશ્ચિક: ક્ષેત્રમાં અતિરિક્ત જવાબદારી અને ધાર્મિક કાર્યમાં વ્યસ્તતા વધશે. સંપત્તિમાં વધારો અને સંપત્તિથી આવક વધશે. બપોરે ધાર્મિક કાર્યમાં વધુ રસ રહેશે.

ધન: આજે દિવસનો પહેલો ભાગ તમારી આશાઓની વિરુધ્ધ રહેશે. આવક કરતા વધારે ખર્ચ કરીને પૈસાના અભાવનો અનુભવ થશે.

મકર: આળસને કારણે સરકારી કાર્યો અધૂરા રહી શકે છે. નવી યોજનાઓ લેતા પહેલા નુકસાન-નફાની સમીક્ષા કરો. બૌદ્ધિક કાર્ય અને લેખન વગેરેથી પણ આવક થશે પરંતુ ગુસ્સો ટાળો.

કુંભ: આજના દિવસે મેદાનમાં વ્યસ્તતા વધુ રહેશે. ઘરમાં માંગલિક કાર્યોનું આયોજન કરવાથી મનમાં આનંદ અને વ્યસ્તતા રહેશે.

મીન: આજે તમે બેપરવાઈ રહેવાના કારણે નુકસાન સહન કરી શકો છો. સવારથી જ મુસાફરીની પર્યટનનું આયોજન કરવામાં આવશે.

# રાજુલા છતડીયા રોડ સ્વામિનારાયણ મંદિરે ભવ્ય કેરી ઉત્સવ ઉજવાયો

રાજુલા,તા.૦૫

રાજુલાના છતડીયા રોડ પર આવેલા એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ મંદિર ખાતે કેરી ઉત્સવ અને સમૈયાનું ભવ્ય આયોજન કરાયું હતું. હરિભક્તો દ્વારા ભગવાનને અર્પણ કરાયેલી કેરીઓ બાદમાં રાજુલા સરકારી હોસ્પિટલ, મહાત્મા આરોગ્ય મંદિર



હોસ્પિટલ, મારુતિ ધામ અને જરૂરિયાતમંદ પરિવારોમાં પ્રસાદરૂપે વિતરણ કરવામાં આવી હતી. આ પવિત્ર પ્રસંગે પૂજ્ય ત્યાગ સ્વામી તથા પૂજ્ય ધર્મભૂષણ સ્વામીએ ઉપસ્થિત રહીને ભક્તોને માનવસેવાની પ્રેરણા આપતા આશીર્વચન પાઠવ્યા હતા. કાર્યક્રમના અંતે દાતા અજયભાઈ મરાઠી તરફથી મહાપ્રસાદનું આયોજન કરાયું હતું, જેમાં ૩૦૦થી વધુ શ્રધ્ધાળુઓએ ઉત્સાહભેર લાભ લીધો હતો. સમગ્ર મહોત્સવ ભક્તિ અને સેવાના સુંદર સમન્વય સાથે સંપન્ન થયો હતો.

# બગસરાના નવા વાઘણીયા ગામની પરિણીતાને અમદાવાદના નિકોલમાં સાસરિયાનો ત્રાસ

બગસરા, તા.૦૫

બગસરાના નવા વાઘણીયા ગામની પરિણીતા પર અમદાવાદના નિકોલમાં સાસરિયા દ્વારા સિતમ ગુજારવામાં આવ્યો હતો. જીનલબેન સુરેશભાઈ સાકરીયા (ઉ.વ.૨૮)એ અમદાવાદના નિકોલમાં રહેતા પતિ ચિરાગભાઈ કનુભાઈ તળાવીયા, સસરા કનુભાઈ ભીખાભાઈ તળાવીયા તથા સાસુ નયનાબેન કનુભાઈ તળાવીયા સામે ફરિયાદ નોંધાવી હતી. આરોપીઓએ તેમને ઘરકામ બાબતે તેમજ કરિયાવર બાબતે મેણાટોણા બોલી શારીરિક અને માનસિક ત્રાસ આપ્યો હતો. ઉપરાંત ગાળો આપી હતી. પતિએ ઢીકાપાટુનો મૂઢમાર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બગસરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી. ડી. વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલામાં છોકરાને દડો વાગવા મુદ્દે મહિલાઓ બાખડી પડી

**ગાળો બોલી જાનથી મારવાની ધમકી આપી**

રાજુલા, તા. ૦૫

રાજુલામાં દડો વાગવા મુદ્દે મહિલાઓ બાખડી હતી તેમજ ગાળો બોલીને જાનથી મારવાની ધમકી આપી હતી. આ અંગે ગંગાબેન માધવભાઈ ભાલીયા (ઉં.વ. ૩૪) એ લાભુબેન મુકેશભાઈ બારૈયા, નાનુબેન સામતભાઈ બારૈયા તથા હકુબેન સામતભાઈ બારૈયા સામે ફરિયાદ નોંધાવી હતી.જે મુજબ, તેઓ તેમના ત્રણેય બાળકો સાથે તેમના મકાનની બહાર શેરીમાં બેઠા હતા. તે દરમિયાન આરોપી લાભુબેન બારૈયાનો છોકરો દડા વડે રમતો હતો. આ દડો ગંગાબેનના છોકરાને વાગતા તેઓ લાભુબેન બારૈયાને આ બાબતે કહેવા ગયા હતા. જે બાદ લાભુબેને નાનુબેન બારૈયા તથા હકુબેન બારૈયાને બોલાવી તેમને જેમ ફાવે તેમ ગાળો આપી હતી. ઉપરાંત જતી વખતે જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ. એસ. બાંભણીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી આઇ.ટી.આઇ. ખાતે નિ:શૂલ્ક સમર સ્કિલ વર્કશોપનું આયોજન

અમરેલી,તા.૦૫

અમરેલી જિલ્લાના ધોરણ ૮ પાસ કે તેથી વધુ લાયકાત ધરાવતા ઉમેદવારોની ઉજ્જવળ કારકિર્દીના ઘડતર અને કૌશલ્ય વિકાસ માટે અમરેલી ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે બે દિવસીય ફ્રી સમર સ્કિલ વર્કશોપનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. આ રોજગારીલક્ષી તાલીમ શિબિર આગામી ૨૨ અને ૨૩ જૂન ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦ થી બપોરે ૦૩:૦૦ વાગ્યા દરમિયાન યોજાશે.આ વર્કશોપમાં કમ્પ્યુટર, સીવણ, ઈલેક્ટ્રિકલ, મિકેનિકલ, સિવિલ, હેલ્થ, કેમિકલ અને બ્યુટી પાર્લર જેવા વિવિધ વિષયો પર પ્રાયોગિક તાલીમ આપવામાં આવશે. તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરનાર તમામ તાલીમાર્થીઓને સંસ્થા તરફથી પ્રમાણપત્ર પણ એનાયત કરવામાં આવશે. આ ફ્રી વર્કશોપનો લાભ લેવા ઈચ્છતા તમામ રસ ધરાવતા ઉમેદવારોએ આગામી ૨૧ જૂન ૨૦૨૬ સુધીમાં મોબાઈલ નંબર ૯૪૨૪૦ ૧૭૬૨૬ પર પોતાનું નામ લખી વ્હોટ્સએપ મેસેજ દ્વારા રજીસ્ટ્રેશન કરાવી લેવાનું રહેશે. વધુ વિગતો માટે આ જ નંબર પર સંપર્ક કરવા આચાર્યશ્રી દ્વારા યાદીમાં જણાવાયું છે.

તંત્રી લેખ

# AIની નવી દોડ

ચીનનો ટેક્નોલોજીલ પડકાર. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ક્ષેત્રમાં છેલ્લા કેટલાક વર્ષોમાં જે ગતિએ પરિવર્તન આવ્યું છે, તે માનવ ઈતિહાસની સૌથી મહત્વપૂર્ણ ટેક્નોલોજીકલ ક્રાંતિઓમાંની એક ગણાય છે. શરૂઆતમાં AI નો ઉપયોગ માત્ર ડિજિટલ માહિતીના વિશ્લેષણ, ભાષાંતર, લખાણ સર્જન અને ડેટા પ્રોસેસિંગ સુધી મર્યાદિત હતો, પરંતુ હવે AI વાસ્તવિક દુનિયામાં પ્રવેશી ચૂક્યું છે. રોબોટિક્સ, સ્વચાલિત વાહનો, સ્માર્ટ મેન્યુફેક્ચરિંગ અને માનવ જેવા નિર્ણય લઈ શકતી મશીનોના વિકાસ સાથે AI નો નવો યુગ શરૂ થયો છે. આ પરિવર્તન વચ્ચે ચીન અને અમેરિકા વચ્ચે ટેક્નોલોજીકલ નેતૃત્વ માટેની સ્પર્ધા વધુ તીવ્ર બની રહી છે.

તાજેતરમાં ચીનની એક ઓછી જાણીતી કંપની **Spirit AI** એ એવો દાવો કર્યો છે કે તેનું **Spirit v૧.૬** મોડેલ વૈશ્વિક સ્તરે રોબોટિક ઈન્ટેલિજન્સ માટેના મહત્વપૂર્ણ બેન્ચમાર્ક **RoboArena** પર પ્રથમ સ્થાને પહોંચ્યું છે. આ સિધ્ધિ માત્ર એક કંપનીની સફળતા નથી, પરંતુ સમગ્ર ચીની **AI** ઈકોસિસ્ટમની વધતી શક્તિનું પ્રતિબિંબ છે. ખાસ કરીને ત્યારે જ્યારે તેણે **Nvidia** જેવા વિશ્વપ્રસિધ્ધ ટેક્નોલોજી દિગ્ગજના **Cosmos3-Nano-Policy** મોડેલને પાછળ છોડી દીધું છે.

**Nvidia** આજે **AI** ક્ષેત્રમાં સૌથી પ્રભાવશાળી કંપનીઓમાંની એક ગણાય છે. તેની ચિપ્સ, કમ્પ્યુટિંગ પ્લેટફોર્મ અને **AI** મોડેલો વિશ્વભરમાં સંશોધન અને ઉદ્યોગના કેન્દ્રમાં છે. **Nvidia** દ્વારા વિકસાવવામાં આવેલ **Cosmos** શ્રેણી ખાસ કરીને **"Physical AI"** માટે રચાઈ છે. આ મોડેલોનો હેતુ રોબોટ્સ અને સ્માર્ટ મશીનોને માત્ર આદેશોનું પાલન કરાવવાનો નથી, પરંતુ તેઓને કોઈ કાર્ય શરૂ કરતાં પહેલાં વિચારવાની અને પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવાની ક્ષમતા આપવાનો છે.

**Spirit v1.6** ને મળેલો ૧,૯૨૪ નો સ્કોર માત્ર એક આંકડો નથી. તે સૂચવે છે કે મોડેલ રોબોટિક નિર્ણય ક્ષમતા, પરિસ્થિતિની સમજ અને કાર્યક્ષમતાના ક્ષેત્રોમાં અત્યંત સક્ષમ છે. **Nvidia** નું **Cosmos3-Nano-Policy** ૧,૮૮૧ ના સ્કોર સાથે બીજા ક્રમે રહ્યું, જ્યારે **DreamZero** ત્રીજા સ્થાને રહ્યું. આ પરિણામો દર્શાવે છે કે સ્પર્ધા હવે અત્યંત નજીક આવી ગઈ છે અને કોઈ એક કંપની કે દેશનું એકાધિકાર રહેવાનું નથી.

ભારત માટે પણ આ ઘટના મહત્વપૂર્ણ સંદેશ આપે છે. વિશ્વ જ્યારે **AI** ના નવા યુગમાં પ્રવેશી રહ્યું છે ત્યારે માત્ર ટેક્નોલોજીનો ઉપયોગ કરવો પૂરતો નથી. દેશે પોતાના મૂળભૂત **AI** મોડેલો, ચિપ્સ અને સંશોધન ક્ષમતાઓ વિકસાવવી પડશે. ચીનની સફળતા બતાવે છે કે લાંબા ગાળાના આયોજન અને સતત રોકાણ દ્વારા વૈશ્વિક સ્તરે નેતૃત્વ પ્રાપ્ત કરી શકાય છે.

**Spirit AI** ની સિધ્ધિ એ સાબિત કરે છે કે **AI** ની દુનિયામાં આજે કોઈપણ ખેલાડી નાનો નથી. નવી કંપનીઓ પણ દિગ્ગજોને પડકાર આપી શકે છે અને ટેક્નોલોજીનું ભવિષ્ય ફરીથી લખી શકે છે. **AI** ક્ષેત્રમાં આ બદલાતું શક્તિ સંતુલન વિશ્વ માટે નવી તકો અને નવા પડકારો બંને લઈને આવ્યું છે. આગામી વર્ષોમાં આ સ્પર્ધા વધુ રોમાંચક બનવાની છે અને તેનું પરિણામ માત્ર ટેક્નોલોજી ક્ષેત્ર પૂરતું મર્યાદિત નહીં રહે, પરંતુ વૈશ્વિક અર્થતંત્ર અને માનવ જીવનના દરેક ક્ષેત્રને અસર કરશે.

# હેલીપેડથી હરિત ભવિષ્ય સુધી : ટેક્નોલોજી અને પર્યાવરણનો સંગમ

પ્રાસંગિક
સુરેશ દેસાઈ

વિશ્વ આજે વિકાસના નવા શિખરો સર કરી રહ્યું છે, પરંતુ આ વિકાસની સાથે જ પાણીની અછત, પ્રદૂષણ, જળવાયુ પરિવર્તન અને કુદરતી સંસાધનોના ક્ષય જેવા પડકારો પણ ઝડપથી વધી રહ્યા છે. માનવજાત માટે હવે પ્રશ્ન માત્ર વિકાસનો નથી, પરંતુ વિકાસને ટકાઉ કેવી રીતે બનાવવો તેનો છે. આવી પરિસ્થિતિમાં વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે ગાંધીનગરના હેલીપેડ એક્ઝિબિશન સેન્ટર ખાતે યોજાયેલા પર્યાવરણ, જળ સંરક્ષણ, રિસાયક્લિંગ અને હરિત ટેક્નોલોજી આધારિત પ્રદર્શનો એક નવી દિશા સૂચવે છે. આ કાર્યક્રમોએ સ્પષ્ટ સંદેશ આપ્યો કે ભવિષ્યનું ભારત માત્ર ઔદ્યોગિક પ્રગતિથી નહીં, પરંતુ સંસાધનોના સમજદારીપૂર્વકના ઉપયોગથી સમૃધ્ધ બનશે.

ગાંધીનગરનું હેલીપેડ એક્ઝિબિશન સેન્ટર આજે દેશના અગ્રણી પ્રદર્શન કેન્દ્રોમાં સ્થાન પામી ચૂક્યું છે. અહીં સમયાંતરે પાણી સંરક્ષણ, ગ્રીન એનર્જી, પ્લાસ્ટિક મુક્ત ભારત, રિસાયક્લિંગ, સ્માર્ટ સિટી અને ટકાઉ વિકાસ જેવા વિષયો પર રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરના કાર્યક્રમો યોજાય છે. આવા પ્રદર્શનો માત્ર નવી મશીનરી કે ટેક્નોલોજી દર્શાવવા માટે નથી, પરંતુ સમાજમાં જાગૃતિ અને જવાબદારીની ભાવના વિકસાવવા માટે પણ મહત્વપૂર્ણ માધ્યમ બની રહ્યા છે.

આ વર્ષે યોજાયેલા પ્રદર્શનમાં જળ સંરક્ષણ સાથે સંબંધિત અનેક અદ્યતન ટેક્નોલોજીઓનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. પાણીના વધતા સંકટને ધ્યાનમાં રાખીને સ્માર્ટ વોટર મેનેજમેન્ટ સિસ્ટમ વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની હતી. ઈન્ટરનેટ ઓફ થિંગ્સ આધારિત સેન્સર દ્વારા પાણીની ટાંકી, પાઈપલાઈન અને વિતરણ વ્યવસ્થાનું સતત નિરીક્ષણ શક્ય બને છે. પાણીનો બગાડ કે લીકેજ થતાની સાથે જ ચેતવણી મળી જાય છે, જેના કારણે લાખો લિટર પાણી બચાવી શકાય છે. શહેરોમાં પાણી વ્યવસ્થાપનની આ નવી પદ્ધતિ ભવિષ્યમાં અત્યંત ઉપયોગી સાબિત થવાની છે.

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત જળ આયોજન પણ પ્રદર્શનની વિશેષતા રહ્યું હતું. વરસાદના પેટર્ન, વસ્તી વૃધ્ધિ અને પાણીની માંગનું વિશ્લેષણ કરીને ભવિષ્યની જરૂરિયાતોનું અનુમાન લગાવતી આ ટેક્નોલોજી પાણીના વૈજ્ઞાનિક સંચાલન માટે ક્રાંતિકારી સાબિત થઈ શકે છે. ખાસ કરીને નગરપાલિકાઓ અને ઉદ્યોગો માટે આ પ્રકારની સિસ્ટમો સંસાધનોના અસરકારક ઉપયોગમાં મદદરૂપ બની રહી છે.

વરસાદી પાણીના સંગ્રહ માટે રજૂ થયેલી નવી પધ્ધતિઓએ પણ મુલાકાતીઓનું ધ્યાન ખેંચ્યું હતું. પરંપરાગત રેઈનવોટર હાર્વેસ્ટિંગ હવે વધુ વૈજ્ઞાનિક સ્વરૂપ ધારણ કરી રહ્યું છે. ફિલ્ટરેશન ચેમ્બર, રિચાર્જ કૂવા અને ભૂગર્ભ જળ પુનર્ભરણ મોડ્યુલો દ્વારા વરસાદી પાણીને સીધું જમીનમાં ઉતારી શકાય છે. ગુજરાત જેવા પ્રદેશોમાં, જ્યાં ભૂગર્ભ જળસ્તર સતત નીચે જઈ રહ્યું છે, ત્યાં આવી ટેક્નોલોજી આશાનું કિરણ બની શકે છે. સૌરાષ્ટ્રમાં સમુદ્ર કિનારાના જિલ્લાઓ જેવા કે ભાવનગર અમરેલી જુનાગઢ થી માંડી જામનગર, કચ્છ સુધીના ઘણા વિસ્તારો એવા છે જ્યાં પીવાના પાણીની મુશ્કેલી છે જ્યાં આ ટેક્નોલોજી અત્યંત ઉપયોગી થઈ શકે તેમ છે.

પાણી બચતનો બીજો મહત્વપૂર્ણ માર્ગ ગંદા પાણીના પુનઃઉપયોગમાં રહેલો છે. આધુનિક ગટર શુધ્ધિકરણ પ્લાન્ટો દ્વારા ગંદા પાણીને વિવિધ તબક્કામાં શુધ્ધ કરીને ખેતી, બગીચાઓ અને ઔદ્યોગિક ઉપયોગ માટે ફરીથી ઉપયોગમાં લઈ શકાય છે. મેમ્બ્રેન બાયોરિએક્ટર જેવી અદ્યતન ટેક્નોલોજી પાણીની ગુણવત્તાને વધુ સુધારે છે. અનેક ઉદ્યોગોમાં ઝીરો લિક્વિડ ડિસ્ચાર્જ સિસ્ટમનો ઉપયોગ વધતો જઈ રહ્યો છે, જેમાં લગભગ સમગ્ર ગંદા પાણીનું પુનઃચક્રિયકરણ થાય છે અને પર્યાવરણમાં પ્રદૂષિત પાણી છોડવાની જરૂર રહેતી નથી.

પાણી શુધ્ધિકરણ ક્ષેત્રે પણ નોંધપાત્ર નવીનતાઓ રજૂ કરવામાં આવી હતી. નેનો ફિલ્ટરેશન અને અલ્ટ્રાવાયોલેટ ડિસઈન્ફેક્શન જેવી ટેક્નોલોજીઓ દ્વારા પાણીમાંથી જીવાણુઓ, વાયરસ અને હાનિકારક તત્ત્વોને અસરકારક રીતે દૂર કરી શકાય છે. નવી પેઢીની આરઓ સિસ્ટમો પાણીના બગાડને ઘટાડીને વધુ કાર્યક્ષમ બની રહી છે. આ ટેક્નોલોજીઓ ઘરેલુ તેમજ ઔદ્યોગિક સ્તરે શુધ્ધ પાણીની ઉપલબ્ધતા વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે.

કૃષિ ક્ષેત્ર માટે રજૂ થયેલા ઉકેલો પણ એટલા જ પ્રાસંગિક હતા. ડ્રિપ ઈરિગેશન હવે સેન્સર અને ઓટોમેશન સાથે સંકળાઈ ગયું છે. જમીનની ભેજનું સતત માપન કરીને પાકને જરૂરિયાત મુજબ જ પાણી આપવામાં આવે છે. સેટેલાઈટ અને ડ્રોન આધારિત પ્રિસિઝન એગ્રીકલ્ચર ખેડૂતોને ખેતરના દરેક વિસ્તારની પાણી જરૂરિયાત અંગે ચોક્કસ માહિતી આપે છે. સોલાર ઊર્જાથી સંચાલિત પંપિંગ સિસ્ટમો પાણી અને ઊર્જા બંને ક્ષેત્રે બચતનો માર્ગ ખોલી રહી છે.

જળ સંરક્ષણની સાથે પ્લાસ્ટિક પ્રદૂષણનો મુદ્દો પણ પ્રદર્શનના કેન્દ્રમાં રહ્યો હતો. એક વખત ઉપયોગમાં લેવાતા પ્લાસ્ટિકના વધતા પ્રભાવને કારણે પર્યાવરણ અને માનવ આરોગ્ય બંને માટે ગંભીર પડકારો ઊભા થયા છે. પ્રદર્શનમાં પ્લાસ્ટિક કચરાના પુનઃઉપયોગ, રિસાયક્લિંગ, બાયોડિગ્રેડેબલ પેકેજિંગ અને પ્લાસ્ટિકમાંથી ઈંધણ બનાવતી ટેક્નોલોજીઓ રજૂ કરવામાં આવી હતી. કચરાને સંસાધનમાં ફેરવતી સર્ક્યુલર ઈકોનોમીની વિચારધારાએ મુલાકાતીઓમાં વિશેષ રસ જગાવ્યો હતો.


આવા કાર્યક્રમોનું મહત્વ માત્ર ટેક્નોલોજી સુધી મર્યાદિત નથી. ઉચ્ચ શિક્ષણના વિદ્યાર્થીઓ, સંશોધકો અને ઉદ્યોગજગત માટે આ એક જીવંત પ્રયોગશાળા સમાન છે. પર્યાવરણ વિજ્ઞાન, કૃષિ, સિવિલ એન્જિનિયરિંગ, વોટર રિસોર્સ મેનેજમેન્ટ અને અર્બન પ્લાનિંગ જેવા ક્ષેત્રોમાં અભ્યાસ કરતા યુવાનોને અહીંથી વ્યવહારિક જ્ઞાન અને નવી



સંભાવનાઓની ઓળખ મળે છે. સંશોધન અને ઉદ્યોગ વચ્ચેનું અંતર ઘટાડવામાં પણ આવા પ્રદર્શનો મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

આખરે, ગાંધીનગરના હેલીપેડ એક્ઝિબિશન સેન્ટર ખાતે યોજાતા આવા કાર્યક્રમો આપણને યાદ અપાવે છે કે પાણી, જમીન અને પર્યાવરણનું સંરક્ષણ વિકાસના માર્ગમાં અવરોધ નથી, પરંતુ વિકાસને લાંબા ગાળે ટકાવી રાખવાનો આધારસ્તંભ છે. ''જળ બચાવો, પૃથ્વી બચાવો'' અને ''પ્લાસ્ટિક મુક્ત ભારત'' જેવા સંદેશો હવે માત્ર સૂત્રો રહ્યા નથી; તેઓ આવનારી પેઢીઓના સુરક્ષિત ભવિષ્ય માટેની અનિવાર્ય જરૂરિયાત બની ગયા છે. જો સમાજ, સરકાર, શિક્ષણ સંસ્થાઓ અને ઉદ્યોગો સંયુક્ત પ્રયાસો કરશે તો હરિત, સ્વચ્છ અને ટકાઉ ભારતનું સ્વપ્ન નિશ્ચિતપણે સાકાર થઈ શકશે.

## શબ્દ સંજોગ-૨૨૧૦



**આડી ચાવી :**
(૧) ફુટતી મૂંછ (૩)
(૩) ઈરાન દેશ (૩)
(૬) તેરમું નક્ષત્ર (૩)
(૭) મહેનત કજુરી (૩)
(૯) લોભે......જાય (૩)
(૧૧) શત્રુ, દુશ્મન (૨)
(૧૨) .....ડાકણને ખાય (૨)
(૧૩) ટળે નહીં તેવું (૩)
(૧૫) પરણવા જતા યુવક સથે જતો તેનો મિત્ર (૪)
(૧૭) અનુમાન, કલ્પના (૨)
(૧૮) પર્ણ, પાંદડું (૨)
(૧૯) એકવૃક્ષ (૨)
(૨૦) લગની, તાન (૨)
(૨૨) સીવવાનું નાકાવાળુ સાધન (૨)
(૨૩) બંદૂકની ગોળી (૨)
(૨૪) નાના બાળકોને ....... સાંભળવી બહુ ગમે (૨)
(૨૫) રીવાજ, ધારો (૩)
(૨૭) પાક (૨)
(૨૮) દરવાજાવાળી શેરી (૨)
(૨૯) ભારતનું એક રાજ્ય (૩)

**ઉભી ચાવી :**
(૧) સરકારના હુકમથી તેડવા આવેલ બેલીફ (૩)
(૨) સવારનો હળવો તાપ (૩)
(૩) દાતનો એક રોગ (૪)
(૪) નિત્ય, હંમેશા (૨)
(૫) ભેંસનું નર બચ્ચું (૨)
(૮) પર્વતની તળેટીનું ગામ (૩)
(૧૦) ઉપવાસ (૩)
(૧૨) કીડીનું ઘર (૨)
(૧૩) સૂર્ય, કિરણ (૨)
(૧૬) જૂઠુ બોલવાની ટેવવાળું (૩)
(૧૫) તુલના વગરનું (૩)
(૧૬) શ્રેણી, કક્ષા (૨)
(૧૭) પુત્ર, દિકરો (૨)
(૧૮) પગપાળુ લશ્કર (૪)
(૧૯) નાત જમાડવી તે (૨)
(૨૧) વૃતાંત (૩)
(૨૩) ....ભાણે મોટો લાડુ (૨)
(૨૬) વનસ્પતિની જડ (૨)

## શબ્દ સંજોગ-૨૨૦૯ જવાબ

**આડી ચાવી :** (૧) મોડી (૨) ભાચરો (૪) આંકો (૬) તોલો (૭) ગોરધન (૯) કતલ (૧૨) મણ (૧૩) રમમાણ (૧૬) ચંપક (૧૮) બાકી (૧૯) ચર્ચ (૨૦) કલવો (૨૨) ગઢેરો (૨૬) દસ (૨૭) કાનસ (૨૯) ભાસ (૩૦) કુંદન (૩૧) રસોડું. **ઉભી ચાવી :** (૧) મોષક (૨) ભાલો (૩) રોગો (૪) આંધણ (૫) કોન (૬) તોલ (૮) રમણ (૧૦) તરાપ (૧૧) વ્યોમ (૧૪) માણેક (૧૫) રોકી (૧૬) ચંદ્રાગદ (૧૭) કચરો (૧૮) બાવો (૨૧) લસ્સી (૨૩) ઢેસકું (૨૪) ધાન (૨૫) ખાસ (૨૭) કાન (૨૮) સર (૨૯) ભાડું

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૦૦ | ૧૭૬૦ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૪૯૦ |
| ઘઉં ટુકડા | ૪૫૮ | ૫૮૫ |
| જુવાર સફેદ | ૭૪૦ | ૧૦૯૦ |
| બાજરી | ૩૪૦ | ૪૨૬ |
| તુવેર | ૧૧૫૦ | ૧૪૮૦ |
| ચણા પીળા | ૧૧૦૦ | ૧૧૮૦ |
| ચણા સફેદ | ૧૧૦૦ | ૧૬૪૦ |
| અડદ | ૧૩૦૦ | ૧૬૭૮ |
| મગ | ૧૨૭૫ | ૧૮૨૧ |
| વાલ દેશી | ૭૦૦ | ૧૧૪૯ |
| ચોળી | ૯૫૫ | ૧૫૩૬ |
| વટાણા | ૬૫૦ | ૧૦૦૦ |
| કળથી | ૩૫૧ | ૪૫૦ |
| રાજમા | ૯૦૦ | ૧૭૫૦ |
| સીંગદાણા | ૧૫૫૦ | ૧૮૧૫ |
| મગફળી જાડી | ૧૧૫૦ | ૧૬૧૫ |
| મગફળી જીણી | ૧૨૫૦ | ૧૭૫૦ |
| તલી | ૧૮૪૦ | ૨૪૨૫ |
| સુરજમુખી | ૮૦૧ | ૧૪૦૪ |
| એરંડા | ૧૨૪૦ | ૧૩૧૮ |
| અજમો | ૧૮૦૦ | ૨૪૩૦ |
| સુવા | ૧૨૩૦ | ૧૩૫૧ |
| સોયાબીન | ૧૨૫૦ | ૧૫૦૦ |
| સીંગફાડા | ૧૪૦૦ | ૧૭૨૦ |
| કાળા તલ | ૨૩૦૦ | ૩૫૯૫ |
| લસણ | ૧૨૫૦ | ૨૫૨૫ |
| ધાણા | ૧૯૦૦ | ૨૪૭૫ |
| ધાણી | ૨૦૦૦ | ૨૫૪૭ |
| વરીયાળી | ૧૦૦૦ | ૧૫૬૮ |
| જીરૂ | ૩૦૦૦ | ૩૯૦૫ |
| રાય | ૧૨૬૦ | ૧૭૬૦ |
| મેથી | ૧૧૬૦ | ૧૬૦૦ |
| ઇસબગુલ | ૧૨૦૦ | ૧૮૦૦ |
| કલોંજી | ૨૭૮૦ | ૩૪૧૭ |
| રાયડો | ૧૧૭૦ | ૧૪૦૫ |
| રજકાનું બી | ૫૬૦૦ | ૭૧૯૦ |
| ગુવારનું બી | ૧૦૫૦ | ૧૧૩૫ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૩૬૯ | ૬૧૪ |
| લીંબુ | ૭૭૮ | ૧૫૮૧ |
| સાકરટેટી | ૧૧૦ | ૨૨૧ |
| તરબુચ | ૧૦૩ | ૨૦૯ |
| પપૈયા | ૯૧ | ૧૭૨ |
| બટેટા | ૧૦૫ | ૨૯૪ |
| ડુંગળી સુકી | ૮૧ | ૩૭૫ |
| ટમેટા | ૩૮૫ | ૭૯૪ |
| સુરણ | ૮૧૪ | ૧૦૨૫ |
| કોથમરી | ૬૧૩ | ૮૨૬ |
| રીંગણા | ૧૫૬ | ૨૮૬ |
| કોબીજ | ૧૦૬ | ૧૭૬ |
| ફ્લાવર | ૩૪૨ | ૬૧૦ |
| ભીંડો | ૨૬૮ | ૫૯૧ |
| ગુવાર | ૩૩૧ | ૮૨૫ |
| ચોળાસીંગ | ૪૩૧ | ૬૮૯ |
| ટીંડોળા | ૩૭૭ | ૮૮૫ |
| દુધી | ૧૩૭ | ૨૧૨ |
| કારેલા | ૩૧૨ | ૫૨૬ |

| | | |
|---|---|---|
| સરગવો | ૨૪૩ | ૫૫૧ |
| તુરીયા | ૩૩૯ | ૭૨૨ |
| પરવર | ૫૦૫ | ૭૧૮ |
| કાકડી | ૩૧૮ | ૬૦૨ |
| ગાજર | ૩૧૭ | ૫૫૨ |
| વટાણા | ૧૦૪૬ | ૧૫૭૯ |
| ગલકા | ૧૪૩ | ૩૦૧ |
| બીટ | ૧૫૯ | ૩૨૫ |
| મેથી | ૮૦૮ | ૧૦૨૧ |
| ડુંગળી લીલી | ૭૨૬ | ૧૦૩૯ |
| આદુ | ૧૬૨૬ | ૧૯૫૮ |
| મરચા લીલા | ૫૭૮ | ૮૮૧ |
| મકાઇ લીલી | ૨૨૧ | ૪૮૧ |
| ગુંદા | ૨૧૧ | ૪૧૬ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૯૧ | ૧૭૮૬ |
| ઘઉં લોકવન | ૪૬૬ | ૫૨૮ |
| ઘઉં ટુકડા | ૪૬૦ | ૬૬૮ |
| મગફળી જીણી | ૧૧૭૧ | ૧૭૨૧ |
| સિંગદાણા જાડા | ૧૫૦૧ | ૧૮૫૧ |
| સિંગ ફાડીયા | ૧૪૦૧ | ૧૭૫૧ |
| એરંડા / એરંડી | ૧૦૦૧ | ૧૩૩૧ |
| જીરૂ | ૨૮૦૧ | ૪૦૪૧ |
| ક્લંજી | ૧૧૦૧ | ૩૩૭૧ |
| વરીયાળી | ૮૦૧ | ૮૦૧ |
| ધાણા | ૧૬૦૧ | ૨૫૯૧ |
| મરચા સૂકા પટ્ટો | ૧૬૦૧ | ૫૭૦૧ |
| લસણ સુકું | ૬૭૧ | ૧૫૭૧ |
| ડુંગળી લાલ | ૯૧ | ૩૯૬ |
| અડદ | ૮૦૦ | ૧૬૫૧ |
| તુવેર | ૬૦૦ | ૧૪૯૧ |
| રાયડો | ૧૩૦૧ | ૧૩૮૧ |
| રાય | ૧૬૮૧ | ૧૬૮૧ |
| મેથી | ૧૦૩૧ | ૧૩૩૧ |
| સુવાદાણા | ૧૨૨૬ | ૧૨૨૬ |
| કાંગ | ૪૦૦ | ૫૬૧ |
| સુરજમુખી | ૨૦૧ | ૨૦૧ |
| મગફળી જાડી | ૧૧૫૧ | ૧૬૬૧ |
| સફેદ ચણા | ૧૦૭૬ | ૧૭૧૧ |
| તલ - તલી | ૧૯૫૧ | ૨૪૯૧ |
| ધાણી | ૧૭૦૧ | ૨૭૦૧ |
| બાજરો | ૨૨૧ | ૪૩૧ |
| જુવાર | ૬૦૧ | ૧૦૯૧ |
| મકાઇ | ૩૩૧ | ૪૪૧ |
| મગ | ૧૦૦૦ | ૧૯૦૧ |
| ચણા | ૧૦૫૧ | ૧૧૭૬ |
| વાલ | ૪૦૦ | ૯૩૧ |
| ચોળા / ચોળી | ૯૪૧ | ૧૪૮૧ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૫૫૧ |
| અજમાં | ૫૦૦ | ૧૭૨૬ |
| ગોગળી | ૧૦૦૦ | ૧૩૩૧ |
| વટાણા | ૪૦૦ | ૭૫૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૧૮૦ | ૬૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૪૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૧૫૦૦ |
| કોબી | ૮૦ | ૩૦૦ |
| દુધી | ૬૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૩૦ | ૬૪૦ |

| | | |
|---|---|---|
| કાકડી | ૮૦ | ૬૦૦ |
| રીંગણા | ૩૦ | ૩૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૭૦૦ |
| ગલકા | ૧૦૦ | ૬૦૦ |
| ગાજર | ૧૮૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૭૦૦ |
| વટાણા | ૧૨૦૦ | ૧૮૦૦ |
| કેરી કાચી | ૨૪૦ | ૭૦૦ |
| બટેટા | ૧૮૦ | ૨૮૦ |
| ડુંગળી પુરા | ૪ | ૧૦ |
| તાંજરીયા પુરા | ૩ | ૧૦ |
| કોથમીર પુરા | ૨ | ૩ |
| ફોદીનો પુરા | ૧ | ૩ |
| ક્રુદ્દિક્રી | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ગુંદા | ૬૦૦ | ૮૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૧૦૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૧૨૦૦ |
| મેથી પુરા | ૨ | ૧૦ |
| બીટ પુરા | ૫ | ૧૦ |
| સરગવો પુરા | ૧૦ | ૨૦ |
| ચોરા | ૨૦૦ | ૧૨૦૦ |
| કારેલા | ૨૦૦ | ૭૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૨૦૦ |
| આદુ | ૨૦૦ | ૨૦૦૦ |
| ફણશી | ૧૬૦૦ | ૨૪૦૦ |
| પાલક પુરા | ૨ | ૬ |
| **અમરેલી** | | |
| ગીરનાર શિંગ | ૧૨૯૫ | ૧૩૭૦ |
| શિંગ મોટી | ૧૦૫૦ | ૧૫૧૦ |
| શિંગદાણા | ૧૪૪૫ | ૨૦૦૦ |
| શિંગદાણા ફાડા | ૧૫૩૦ | ૧૭૩૫ |
| તલ સફેદ | ૧૩૨૫ | ૨૫૫૦ |
| તલ કાળા | ૨૧૨૫ | ૩૬૭૦ |
| તલ કાશમીરી | ૧૯૯૫ | ૨૨૪૦ |
| બાજરો | ૪૧૦ | ૫૩૫ |
| જુવાર | ૫૦૦ | ૯૯૦ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૩૫ |
| ઘઉં લોકવન | ૪૩૫ | ૪૯૦ |
| મકાઈ | ૩૦૦ | ૩૧૦ |
| મગ | ૧૩૦૫ | ૧૬૬૫ |
| અડદ | ૧૪૬૦ | ૧૫૦૦ |
| ચણા | ૮૯૦ | ૧૧૭૦ |
| ચણા દેશી | ૧૧૧૦ | ૧૧૧૦ |
| સફેદ ચણા | ૧૦૫૦ | ૧૧૯૦ |
| છોલે ચણા | ૧૦૦૦ | ૧૨૮૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૫૦૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૮૪૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૩૦૦ |
| જીરૂ | ૩૧૦૦ | ૩૫૫૦ |
| ધાણી | ૨૧૦૦ | ૨૪૨૫ |
| મેથી | ૧૨૦૦ | ૧૩૨૫ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૩૭૦ |
| વરીયાળી | ૧૫૭૦ | ૧૫૭૦ |
| કલોંજી | ૧૨૦૦ | ૩૧૭૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૫૦ | ૨૬૦ |
| રીંગણા | ૩૦૦ | ૬૦૦ |
| ફ્લાવર | ૫૨૦ | ૬૧૦ |
| કોબીજ | ૨૦૦ | ૩૦૦ |

| | | |
|---|---|---|
| શકકરીયા | ૫૦૦ | ૬૦૦ |
| ટમેટાં | ૬૫૦ | ૭૬૦ |
| સુરણ | ૮૦૦ | ૯૬૦ |
| ગાજર | ૫૩૦ | ૬૨૦ |
| દુધી | ૨૦૦ | ૨૫૦ |
| કારેલા | ૫૩૦ | ૬૫૦ |
| ગલકા | ૩૦૦ | ૩૫૦ |
| કાકડી | ૪૧૦ | ૫૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૨૦૦ |
| કાચીકેરી | ૬૦૦ | ૧૨૦૦ |
| વટાણા | ૧૭૫૦ | ૧૮૦૦ |
| ચોળા લીલા | ૭૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૭૦૦ | ૮૦૦ |
| પાકીકેરી | ૭૫૦ | ૧૪૦૦ |
| ભીંડો | ૫૦૦ | ૫૫૦ |
| આદુ | ૨૦૦૦ | ૨૨૦૦ |
| કોથમીર | ૫૩૦ | ૬૩૦ |
| મેથીભાજી | ૫૦૦ | ૬૦૦ |
| ફોદીનો | ૪૦૦ | ૫૦૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૭૦૦ |
| બીટ | ૪૦૦ | ૫૦૦ |
| સરગવો | ૬૦૦ | ૮૦૦ |
| લીમડો મીઠો | ૧૫૦ | ૧૯૦ |
| મરચાં લીલાં | ૭૦૦ | ૯૦૦ |
| ડુંગળી સુકી | ૨૩૦ | ૪૫૦ |
| લસણ સુકું | ૧૧૦૦ | ૨૧૦૦ |
| પાલક | ૫૫૦ | ૬૩૦ |
| લીંબુ | ૬૨૦ | ૧૦૨૦ |
| મકાઈ | ૩૨૦ | ૪૦૦ |
| કાચી કેરી | ૬૦૦ | ૧૨૦૦ |
| પાકી કેરી | ૭૫૦ | ૧૪૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૨૫૧ | ૧૫૪૧ |
| શીંગ મોટી | ૧૨૦૦ | ૧૪૨૫ |
| તલ સફેદ | ૨૦૫૦ | ૨૬૪૧ |
| તલ કાળા | ૩૬૧૦ | ૩૬૫૦ |
| જીરૂ | ૩૦૦૧ | ૩૭૪૧ |
| કપાસ | ૧૪૦૦ | ૧૭૭૮ |
| ઘઉં લોકવન | ૪૫૮ | ૪૮૫ |
| ઘઉં ટુકડા | ૪૬૫ | ૪૯૦ |
| બાજરો | ૪૧૦ | ૫૦૦ |
| જુવાર | ૫૦૦ | ૧૦૫૧ |
| મકાઈ | ૪૦૦ | ૪૫૦ |
| મગ | ૧૬૫૦ | ૧૭૦૧ |
| અડદ | ૧૩૫૦ | ૧૪૪૦ |
| ચણા | ૧૦૫૦ | ૧૧૭૬ |
| દેશી ચણા | ૧૦૩૦ | ૧૧૬૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૩૦૦ |
| એરંડી | ૧૦૦૦ | ૧૧૭૫ |
| મેથી | ૧૧૦૦ | ૧૨૫૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૬૧૫ | ૧૭૦૧ |
| મગફળી | ૧૧૦૦ | ૧૪૨૫ |
| ઘઉં લોકવન | ૪૪૭ | ૪૫૪ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૦૦ |
| તુવેર | ૧૧૭૫ | ૧૩૧૦ |
| ધાણા | ૨૪૦૦ | ૨૪૫૦ |
| મગ | ૧૪૧૦ | ૧૫૯૦ |
| તલ સફેદ | ૨૨૨૦ | ૨૨૨૦ |

| | | |
|---|---|---|
| તલ કાળા | ૨૩૦૦ | ૩૧૫૦ |
| કલોંજી | ૨૬૦૦ | ૨૬૦૦ |
| બાજરો | ૪૩૦ | ૪૩૦ |
| શીંગ દાણા | ૧૪૦૦ | ૧૭૦૦ |
| સોયાબીન | ૧૨૩૫ | ૧૨૩૫ |
| **બગસરા** | | |
| ઘઉં લોકવન | ૩૯૨ | ૪૫૭ |
| ઘઉં ટુકડા | ૪૫૪ | ૪૫૮ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૪૨ |
| ધાણા | ૨૨૨૦ | ૨૨૭૫ |
| મગફળી | ૮૦૦ | ૧૨૩૫ |
| સોયાબીન | ૧૨૦૦ | ૧૪૪૦ |
| શીંગફાડા | ૧૬૫૦ | ૧૬૫૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૨૫૫ |
| મગ | ૧૫૫૨ | ૧૬૪૫ |
| તલકાળા | ૧૫૮૦ | ૧૫૮૦ |
| એરંડી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| તલ સફેદ | ૨૧૨૫ | ૨૩૪૮ |
| તલ કાળા | ૧૫૮૦ | ૧૫૮૦ |
| બાજરો | ૩૦૦ | ૩૦૦ |
| મેથી | ૧૨૨૫ | ૧૨૨૫ |
| ઘઉં લોકવન | ૩૯૨ | ૪૫૭ |
| ચણા સફેદ | ૧૦૪૫ | ૧૦૪૫ |
| કપાસ | ૧૨૦૦ | ૧૭૨૫ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૬૩૦ | ૧૮૪૦ |
| કપાસ મીડીયમ | ૧૫૧૦ | ૧૬૧૦ |
| મગફળી | ૧૨૧૫ | ૧૩૬૫ |
| તલ સફેદ | ૧૫૫૫ | ૨૩૨૫ |
| તલ કાળા | ૨૬૭૫ | ૩૨૧૫ |
| જીરૂ | ૨૯૩૦ | ૩૮૧૦ |
| ચણા | ૧૧૪૦ | ૧૧૬૦ |
| ઘઉં | ૪૫૫ | ૫૧૫ |
| મગ | ૧૩૪૦ | ૧૫૬૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૭૯૧ |
| ઘઉં | ૩૫૧ | ૪૬૬ |
| મકાઈ | ૩૦૦ | ૩૦૦ |
| મગ | ૧૦૦૧ | ૧૬૧૧ |
| ચણા | ૮૦૧ | ૧૧૨૬ |
| તુવેર | ૭૦૧ | ૧૪૫૧ |
| મગફળી | ૮૦૦ | ૧૩૫૧ |
| શિંગ ફાડા | ૧૩૦૧ | ૧૬૭૬ |
| તલ સફેદ | ૧૨૦૧ | ૨૪૦૬ |
| તલ કાળા | ૧૫૦૧ | ૩૧૦૧ |
| મેથી | ૭૦૧ | ૧૧૨૬ |
| જીરૂ | ૩૩૦૦ | ૩૩૦૦ |
| ધાણા | ૧૦૦૧ | ૨૨૫૧ |
| સોયાબીન | ૯૦૧ | ૧૩૪૬ |
| **મહુવા** | | |
| શીંગ ઉનાળુ મગડી | ૧૪૫૫ | ૧૭૨૧ |
| શીંગ મીનાક્ષી નવી | ૧૧૨૮ | ૧૬૬૦ |
| શીંગ જી-૨૦ | ૧૧૭૦ | ૧૩૮૦ |
| જુવાર | ૩૦૦ | ૧૦૫૯ |
| બાજરી | ૩૩૦ | ૫૦૬ |
| ઘઉં ટુકડા | ૪૧૨ | ૫૧૯ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૫૫૧ |
| તલ કાળા | ૧૭૦૦ | ૩૫૨૨ |
| ડુંગળી લાલ | ૬૫ | ૫૧૬ |

| | | |
|---|---|---|
| ડુંગળી સફેદ | ૨૦૫ | ૩૨૦ |
| કપાસ શંકર | ૧૩૯૦ | ૧૭૧૦ |
| નાળીયેર | ૫૫૫ | ૨૪૦૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૧૦૦ | ૧૬૦૦ |
| મગફળી નવી | ૧૧૦૦ | ૧૪૬૦ |
| બાજરી હાઈબ્રીડ | ૩૦૦ | ૪૯૦ |
| ઘઉં | ૪૦૦ | ૪૯૫ |
| રાય | ૧૩૦૦ | ૧૫૮૦ |
| મેથી | ૧૧૦૦ | ૧૨૮૦ |
| જુવાર | ૮૦૦ | ૧૦૩૦ |
| ચોળી | ૭૫૦ | ૧૫૫૦ |
| અડદ | ૧૫૬૦ | ૧૬૫૮ |
| એરંડી | ૧૧૦૦ | ૧૨૩૫ |
| ચણા | ૧૦૪૦ | ૧૧૪૪ |
| સફેદ તલ | ૧૮૫૦ | ૨૪૭૬ |
| કાળા તલ | ૨૦૦૦ | ૩૭૨૦ |
| સોયાબીન | ૧૨૦૦ | ૧૩૯૫ |
| **જામનગર** | | |
| જુવાર | ૧૦૦૦ | ૧૦૪૦ |
| બાજરો | ૩૦૦ | ૫૨૫ |
| ઘઉં | ૪૩૦ | ૪૭૦ |
| મગ | ૧૪૨૫ | ૧૬૯૦ |
| અડદ | ૯૦૦ | ૧૫૬૦ |
| તુવેર | ૬૪૫ | ૧૩૭૫ |
| ચોળી | ૫૪૦ | ૧૫૭૫ |
| વાલ | ૮૦૦ | ૯૨૫ |
| મગફળી જીણી | ૧૨૦૦ | ૧૫૮૫ |
| મગફળી જાડી | ૧૧૦૦ | ૧૪૯૦ |
| એરંડા | ૧૦૦ | ૧૨૬૫ |
| તલ | ૧૫૦૦ | ૨૪૪૫ |
| તલ કાળા | ૨૦૦ | ૩૩૬૫ |
| રાયડો | ૮૦૦ | ૧૩૯૮ |
| રાઈ | ૧૩૫૦ | ૧૬૦૦ |
| લસણ | ૮૮૦ | ૨૨૯૫ |
| કપાસ | ૯૫૦ | ૧૭૫૦ |
| જીરૂ | ૨૦૦૦ | ૩૬૮૫ |
| અજમો | ૧૦૦૦ | ૩૨૨૫ |
| અજમા ની ભૂસી | ૨૦ | ૨૫૦૦ |
| ધાણા | ૨૨૦૦ | ૨૫૭૦ |
| ડુંગળી સૂકી | ૧૭૫ | ૩૯૫ |
| વટાણા | ૩૮૦ | ૫૪૫ |
| કલોંજી | ૨૧૩૦ | ૩૨૯૫ |
| **રાજુલા** | | |
| શીંગ | ૮૨૫ | ૧૩૦૦ |
| તલ સફેદ | ૨૨૦૨ | ૨૪૪૬ |
| તલ કાળા | ૧૫૦૦ | ૩૩૮૧ |
| કપાસ | ૧૧૦૧ | ૧૮૪૦ |
| બાજરો | ૩૩૧ | ૫૫૦ |
| ઘઉં ટુકડા | ૪૩૦ | ૪૭૬ |
| જુવાર | ૪૫૦ | ૧૧૨૨ |
| મગ | ૧૩૦૦ | ૧૭૨૫ |
| અડદ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૩૦૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૩૨૧ |
| જીરૂ | ૩૨૦૦ | ૩૨૦૦ |
| મેથી | ૧૧૭૧ | ૧૨૬૦ |
| સોયાબીન | ૧૩૨૫ | ૧૪૦૧ |
| શીંગદાણા | ૧૦૦૦ | ૧૬૮૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

**કુંકાવાવ મોટી, વડીયા, પીપળલગ અને ચિત્તલ સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં**

# રાજયમંત્રી કૌશિક વેકરીયાની ઉપસ્થિતીમાં વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી

અમરેલી,તા.૦૫

અમરેલી જિલ્લામાં તારીખ ૫ જૂનથી ૨૧ જૂન, ૨૦૨૬ દરમિયાન લોકભાગીદારી અને જિલ્લા વહીવટીતંત્રના સંયુક્ત ઉપક્રમે વિવિધ જનકલ્યાણકારી કાર્યક્રમોની એક ભવ્ય હારમાળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ વિશેષ કાર્યક્રમોના માધ્યમથી વિકાસ અને સુશાસનની ગાથા છેવાડાના લોકો સુધી પહોંચાડવાની સાથે-સાથે વિવિધ સરકારી કલ્યાણકારી યોજનાઓ અંગે વ્યાપક જનજાગૃતિ લાવવાનો સરાહનીય પ્રયાસ કરવામાં આવશે. આ મહત્ત્વપૂર્ણ કડીના એક ભાગરૂપે સમગ્ર રાજ્યની સાથે અમરેલીમાં પણ વિશ્વ પર્યાવરણ દિવસની ઉત્સાહભેર ઉજવણી હાથ ધરવામાં આવી છે. આ અંતર્ગત અમરેલી શહેર સહિતના વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં 'એક પેડ માં કે નામ ૩.૦' અભિયાન હેઠળ સ્થાનિક ગ્રામ પંચાયતો અને સદભાવના ટ્રસ્ટના સહિયારા પ્રયાસો થકી વ્યાપક સ્તરે વૃક્ષારોપણના કાર્યક્રમો સંપન્ન થયા હતા.






ઊર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ સણોસરા, મોટા માંડવડા, કુંકાવાવ મોટી, વડીયા, પીપળલગ અને ચિત્તલ સહિતના ગ્રામ્ય વિસ્તારોની રૂબરૂ મુલાકાત લઈને પર્યાવરણની સુરક્ષા કાજે વૃક્ષારોપણ કરીને 'એક પેડ માં કે નામ ૩.૦' અભિયાનનો ગરિમાપૂર્ણ પ્રારંભ કરાવ્યો હતો. તેમણે પર્યાવરણ પ્રત્યે સામાન્ય જનતામાં જાગૃતિ વધે તે હેતુથી એક પ્રેરણાદાયી સંદેશ આપતા જણાવ્યું હતું કે, દરેક પરિવારે પરિવારદીઠ ઓછામાં ઓછા પાંચ વૃક્ષોનું વાવેતર કરવું જોઈએ અને માત્ર વાવેતર જ નહીં પરંતુ તેનું યોગ્ય જતન કરીને ઉછેર કરવાની જવાબદારી પણ નિભાવવી જોઈએ. રાજ્યમંત્રીએ સણોસરા મુકામે વૃક્ષારોપણ કરવાની સાથે-સાથે ગ્રામીણ વિસ્તારના વિવિધ વિકાસકામોનું ખાતમુહૂર્ત પણ કર્યું હતું. આ વિસ્તારમાં અંદાજે રૂપિયા ૩૦ લાખથી વધુના ખર્ચે વિવિધ જનસુવિધાના કામો હાથ ધરવામાં આવશે, જેનાથી સ્થાનિક નાગરિકોની સુખ-સુવિધાઓમાં નોંધપાત્ર વધારો થશે. મંત્રી કૌશિકભાઈ વેકરીયાએ કુંકાવાવ મોટી ખાતે આયોજિત કાર્યક્રમમાં જાહેરાત કરી હતી કે સમગ્ર અમરેલી વિધાનસભા વિસ્તારમાં ૫૧ હજાર વૃક્ષોનું વાવેતર કરીને હરિયાળું અમરેલી બનાવવાનું લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યું છે. આ અંતર્ગત પસંદ કરાયેલા ૨૫ ગામોમાં ગામદીઠ ૨-૨ હજાર વૃક્ષો અને અમરેલી શહેરમાં ૧ હજાર વૃક્ષો વાવવામાં આવશે. પૃથ્વી અને પ્રકૃતિના રક્ષણ માટે યોજાયેલા આ કાર્યક્રમમાં જિલ્લા અને તાલુકા પંચાયતના હોદ્દેદારો, સરપંચો તેમજ સ્થાનિક નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ભાદર-૧ ડેમમાંથી પ્રિ-ખરીફ સીઝન માટે પાણી છોડાયું

ધોરાજી, તા.૦૫



ધોરાજીના ભાદર-૧ ડેમમાંથી ભાદર કમાન્ડ એરિયાના ખેડૂતો માટે પ્રિ-ખરીફ સીઝનનું સિંચાઈનું પાણી કેનાલમાં છોડવામાં આવ્યું છે. સિંચાઈ વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર, ખેડૂતોના પાકને ધ્યાનમાં રાખીને ભાદર-૧ની કેનાલમાં પ્રિ-ખરીફ સીઝન માટે કુલ ૧૦૦૦ MCFT જેટલો પાણીનો જથ્થો મુક્ત કરવામાં આવ્યો છે. તંત્રના આ નિર્ણયથી આશરે ૬૦૦૦ હેક્ટર જેટલી જમીનને સિંચાઈનો સીધો લાભ મળશે. વહીવટી તંત્ર દ્વારા સમયસર કેનાલમાં પાણી છોડવામાં આવતાં સ્થાનિક ખેડૂતોમાં ભારે આનંદની લાગણી વ્યાપી ગઈ છે અને આ પાણી આગામી પાક માટે આશીર્વાદરૂપ સાબિત થશે.

# બગસરામાં પ્રિ-મોનસૂનની કામગીરી બાબતે મહિલા સદસ્યો વચ્ચે શાબ્દિક તડાફડી

બગસરા,તા.૦૫

બગસરા નગરપાલિકા દ્વારા ચોમાસાની ઋતુને ધ્યાને રાખીને પ્રિ-મોન્સૂન કામગીરીના ભાગરૂપે શહેરમાં નાલા તેમજ ગટર સફાઈની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ જનહિતના કાર્યો વચ્ચે જ શાસક પક્ષ ભાજપનો આંતરિક વિખવાદ જાહેરમાં આવ્યો છે. વોર્ડ નંબર ૨ અને ૩ ના વિસ્તારોમાં ચાલી રહેલી નાલા સફાઈ દરમિયાન, કામગીરી



તસવીર : હાર્દિક બામટા

કઈ રીતે કરવી તે બાબતે ભાજપના જ ત્રણ મહિલા સદસ્યો વચ્ચે ઉગ્ર બોલાચાલી અને ઝઘડો થયો હતો. એક જ પક્ષના લોકપ્રતિનિધિઓ વચ્ચેનો આ વિવાદ એટલો વધી ગયો હતો કે આખરે સેનેટરી અધિકારીએ સ્થળ પર આવીને મામલો થાળે પાડવો પડ્યો હતો. વિકાસ કાર્યો વચ્ચે પક્ષના જ સભ્યોનો આ આંતરિક ઝઘડો નગરપાલિકાના હોદ્દેદારો અને પક્ષના સંગઠન માટે ભારે ક્ષોભજનક સ્થિતિ ઊભી કરનારો સાબિત થયો છે. સ્થાનિક રહીશોમાં પણ રોષ છે કે જો પ્રતિનિધિઓ અંદરોઅંદર જ લડશે, તો ચોમાસા પહેલાં સફાઈ સમયસર કેવી રીતે થશે. આ સમગ્ર ગંભીર મામલો હવે પક્ષના મોવડી મંડળ સુધી પહોંચે તેવી પૂરી શક્યતા સેવાઈ રહી છે.

# ઉનાના ચીખલી ગામે થયેલી હત્યાના ત્રણ આરોપી ઝડપાયા

ઉના,તા.૦૪



ઉના તાલુકાના ચીખલી ગામના ચોકમાં પહેલી જૂનના રોજ અક્ષય મોહનભાઈ મકવાણા નામના યુવાનની ધોળે દિવસે ઘાતકી હત્યા કરવામાં આવી હતી. નવાબંદર મરીન પોલીસે આ ગુનામાં ગણતરીના કલાકોમાં જ કોબ ગામના કેતન નાનાજી ભાલિયા, સુનિલ માધાભાઈ બારીયા અને એક સગીર સહિત ત્રણ આરોપીઓની ધરપકડ કરી લીધી છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આશરે એક મહિના પહેલાં ચીખલી ગામના વિજયભાઈનો વિદેશી દારૂ દીવમાં પકડાયો હતો. મૃતક અક્ષય તેમની સાથે રહેતો હોવાથી આરોપીઓને તેની પર શંકા હતી અને આ બાબતનું મનદુખ રાખતા હતા.

# સુરતમાં ગાધકડા પટેલ પ્રગતિ મંડળનો ૪૨મો સ્નેહમિલન સમારોહ યોજાયો

સુરત, તા.૦૫

સુરતમાં ગાધકડા પટેલ પ્રગતિ મંડળનો ૪૨મો સ્નેહમિલન સમારોહ યોજાયો હતો. આ અવસરે રક્તદાન કેમ્પ યોજાયો હતો અને ધોરણ-૧ થી ૧૨માં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ મેળવનાર વિદ્યાર્થીઓને ઈનામો આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ સમારોહમાં સુખરામ ગૃપના નનુભાઈ કે. સાવલીયા અધ્યક્ષ સ્થાને હતા. જ્યારે મુખ્ય




મહેમાન તરીકે સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત અતિથિ વિશેષ તરીકે ઉદ્યોગપતિ ગોવિંદભાઈ ક્યાડા, સારોલી પોલીસ સ્ટેશનના પી.આઈ. સંદિપ વેકરીયા તેમજ એસ.ઓ.જી. ના પી.આઈ. કિરીટભાઈ સાવલીયા પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે 'ગાધકડા ગૌરવ' અંતર્ગત વિવિધ ક્ષેત્રે સમાજનું નામ રોશન કરનાર ડાયમંડ હોસ્પિટલના ડો. નીતીન માંડાણી, બેંક ઓફ બરોડા-વિજપડીના ખોડિદાસ બોરડ, પોરબંદર ગર્વેમેન્ટ હાઈસ્કુલના ડોબરીયા કૌશીક, એડવોકેટ ગોપીબેન ઠુમ્મર અને એડવોકેટ હાર્દિક ડોબરીયાનું સ્મૃતિચિહ્ન આપીને બહુમાન કરવામાં આવ્યું હતું.

# કોડીનાર પોલીસે ચોરીના મુદ્દામાલ સાથે એક આરોપીને ઝડપી પાડ્યો

કોડીનાર, તા.૦૫

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયેલી મિની ટ્રેક્ટર-ટ્રોલી અને કિંમતી કેરીના બોક્સની ચોરીનો ભેદ ઉકેલવામાં પોલીસને મોટી સફળતા મળી છે. જિલ્લા પોલીસ વડા રાજદીપસિંહ ઝાલાના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. અને પેરોલ ફર્લો



સ્કવોડના અધિકારીઓએ સંયુક્ત બાતમીના આધારે ત્વરિત કાર્યવાહી કરી હતી. આ સફળ ઓપરેશન દરમિયાન પોલીસે છાછર પ્લોટ વિસ્તારના ૩૫ વર્ષીય શિવાભાઈ નારણભાઈ સલાડ નામના શખ્સને ઝડપી પાડ્યો હતો. આરોપી પાસેથી ચોરીનું મહેન્દ્રા કંપનીનું મિની ટ્રેક્ટર-ટ્રોલી અને કેરી ભરેલા બોક્સ સહિત કુલ રૂ. ૪,૯૫,૫૦૦ નો મુદ્દામાલ રિકવર કરવામાં આવ્યો છે. પોલીસે આરોપી વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે, જ્યારે ગણતરીના દિવસોમાં ગુનો ઉકેલાતા સ્થાનિક વેપારીઓએ પોલીસની કામગીરીને બિરદાવી છે.

# લીલીયાનો બુટલેગર કિશન દવે પાસા હેઠળ જેલમાં ધકેલાયો

અમરેલી,તા.૦૫

અમરેલી જિલ્લામાં અસામાજિક પ્રવૃત્તિઓ અટકાવવા માટે પોલીસ દ્વારા પાસા (PASA) અંતર્ગત કડક કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.



આ અભિયાનના ભાગરૂપે, એલ.સી.બી. પોલીસ ઈન્સ્પેક્ટર સી.પી. વાઘેલાએ પ્રોહિબિશન (દારૂબંધી)ના ગુનાઓમાં સંડોવાયેલા એક ઈસમ વિરુધ્ધ પાસાની દરખાસ્ત તૈયાર કરી જિલ્લા મેજિસ્ટ્રેટને મોકલી હતી.અમરેલીના જિલ્લા મેજિસ્ટ્રેટ વિકલ્પ ભારદ્વાજ દ્વારા આ દરખાસ્ત મંજૂર કરવામાં આવતા, લીલીયાના રહેવાસી ૩૧ વર્ષીય આરોપી કિશન સુરેશભાઈ દવે વિરૂધ્ધ પાસા વોરંટ જાહેર કરાયું હતું. પોલીસની ટીમે આ વોરંટની બજવણી કરીને આરોપીની અટકાયત કરી છે અને તેને કચ્છ-ભુજની પાલરા સ્પેશ્યલ જેલ ખાતે મોકલી આપ્યો છે.

# લુણસાપુર ગામે ઈન્ડો એશિયા કોપર લિમિટેડ દ્વારા વૃક્ષારોપણ અભિયાન શરૂ

જાફરાબાદ, તા.૦૫

જાફરાબાદના લુણસાપુર ગામે વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે ઈન્ડો એશિયા કોપર લિમિટેડ દ્વારા વિશાળ વૃક્ષારોપણ અભિયાન શરૂ કરાયું છે. કંપનીના ડાયરેક્ટર હરેશ વોરાના માર્ગદર્શન હેઠળ ગ્રામ પંચાયતે ફાળવેલી જમીન પર જૂન-૨૦૨૬ સુધીમાં ૩,૦૦૦ વૃક્ષો વાવવામાં આવશે, જેની ચાર વર્ષ સુધી કંપની પોતે જાળવણી કરશે. આ સાથે કંપની દ્વારા સ્થાનિક ધનેશ્વર મહાદેવ મંદિરના વિકાસ માટે રૂ.





૧૧.૫૧ લાખના ખર્ચે બાંધકામ કરી ગ્રામ પંચાયતને અર્પણ કરવાની જાહેરાત કરાઈ હતી. આ પ્રસંગે ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, કલેક્ટર વિકલ્પ ભારદ્વાજ, પ્રાંત અધિકારી સહિતના ઉચ્ચ વહીવટી અને પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં લુણસાપુરના સરપંચ પ્રકાશભાઈ કોટીલા, તાલુકા-જિલ્લા પંચાયતના પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યાં હતા.

# કુંકાવાવ ખાતે કોરા વાઉચરમાં સહી કરાવતા હોવાનો આંગણવાડી બહેનોનો આક્ષેપ

અમરેલી,તા.૦૫

કુંકાવાવ તાલુકા પંચાયત કચેરી ખાતે તાલુકાની તમામ ૧૦૭ આંગણવાડીઓની વર્કર અને હેલ્પર બહેનો માટે સીડીપીઓ અને સુપરવાઈઝરના અધ્યક્ષ સ્થાને એક મહત્વની સમીક્ષા બેઠક યોજાઈ હતી. બપોરે ૧:૦૦ થી ૪:૦૦ વાગ્યા દરમિયાન ચાલેલી આ સરકારી કામગીરીની બેઠકના અંત ભાગમાં એક ગંભીર મુદ્દો સામે આવતા સમગ્ર માહોલ ગરમાયો હતો. મિટિંગ દરમિયાન હેલ્પર બહેનોએ હિંમતપૂર્વક સીડીપીઓ સમક્ષ ઉચ્ચ સ્તરીય રજૂઆત કરી હતી કે, આંગણવાડીના વર્કર બહેનો તેમની પાસેથી કોરા વાઉચરોમાં એડવાન્સ સહીઓ કરાવી લે છે. આ ગંભીર આક્ષેપના પગલે હાજર તમામ વર્કર બહેનો એકાએક લાલઘૂમ થઈ ગઈ હતી અને ભારે હોબાળો મચી ગયો હતો. ચાલુ મીટિંગમાં નાણાકીય ગેરરીતિ તરફ ઈશારો કરતા આ સવાલે ભારે ખળભળાટ મચાવ્યો હતો, પરંતુ આશ્ચર્યની વાત એ હતી કે જવાબદાર અધિકારીઓએ કોઈ સ્પષ્ટતા કરવાને બદલે મૌન ધારણ કરી લીધું હતું. અધિકારીઓની આ ચુપકીદીને કારણે હવે આંગણવાડીઓમાં લાંબા સમયથી મોટા કૌભાંડ આચરવામાં આવતું હોવાની આશંકા સેવાઈ રહી છે. આ ઘટનાથી વહીવટની પારદર્શિતા સામે મોટા પ્રશ્નાર્થ ચિહ્નો ઉભા થયા છે.

**જવાબદાર અધિકારીઓએ સ્પષ્ટતા કરવાને બદલે મૌન ધારણ કર્યુ**

# બગસરા સરદાર પટેલ શરાફી મંડળી શાખાના ચેક રીટર્ન કેસમાં આરોપીને ૬ માસની સજા ફટકારતી કોર્ટ

બગસરા,તા.૦૫

બગસરામાં ચેક બાઉન્સ થવાના એક મામલામાં કોર્ટે મોટો ચુકાદો આપતા આરોપીને જેલભેગો કરવાનો આદેશ કર્યો છે. સરદાર પટેલ શરાફી સહકારી મંડળી (બગસરા શાખા)માંથી લુંધીયા ગામના દલસુખભાઈ રસિકભાઈ ઘાડિયાએ રૂ. ૨,૦૦,૦૦૦/- ની





લોન લીધી હતી. આ લોનની ચડત રકમ રૂ. ૨,૮૨,૩૯૪/- ભરપાઈ કરવા તેમણે ૨૭/૧૧/૨૦૨૪ના રોજ આપેલ ચેક 'એકાઉન્ટ બ્લોક' થવાને કારણે પરત ફર્યો હતો. મંડળી દ્વારા નોટિસ આપવા છતાં રકમ ન ચૂકવાતા મંત્રી જયદીપભાઈ હિરપરાએ બગસરા કોર્ટમાં ફરિયાદ નોંધાવી હતી.આ કેસ ચાલતા મંડળી પક્ષના વકીલ પી.ડી. દાંતી અને વિશાલ જે. માળવીની દલીલોને ગ્રાહ્ય રાખી કોર્ટે આરોપીને છ માસની સજા ફટકારી છે અને ચેકની રકમ મંડળીને ચૂકવી આપવાનો આદેશ કર્યો છે.

**મંડળી તર્ફે વકીલ પી.ડી.દાંતી અને વિશાલ જે.માળવીની દલીલો ગ્રાહ્ય રાખી કોર્ટે કર્યો હુકમ**

**પ્રતિનિધિ તરીકે અમરેલી જિલ્લા સહકારી ખરીદ-વેચાણ સંઘના પ્રમુખ જયંતિભાઈ પાનસુરીયાએ આ એવોર્ડ સ્વીકાર્યો**

# ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણીને 'નાસ ઈન્ડસ્ટ્રીયલ એવોર્ડ' એનાયત

અમરેલી,તા.૦૫

ભારતીય કૃષિ અને સહકારી ક્ષેત્ર માટે એક ગૌરવપૂર્ણ ક્ષણ સામે આવી છે. દેશની ટોચની સહકારી સંસ્થા ઈફકોના ચેરમેન દિલિપ સંઘાણીને નેશનલ એકેડેમી ઓફ એગ્રીકલ્ચર સાયન્સીસ તરફથી પ્રતિષ્ઠિત 'નાસ ઈન્ડસ્ટ્રીયલ એવોર્ડ' એનાયત કરવામાં આવ્યો છે. સંઘાણીના દૂરંદેશી કૃષિ વિકાસ, ખેડૂત કલ્યાણ અને સહકારી ચળવળમાં અમૂલ્ય યોગદાન બદલ






આ સન્માન મળતાં સમગ્ર અમરેલી જિલ્લામાં ભારે ખુશી અને ગૌરવનો માહોલ સર્જાયો છે. નાસના સ્થાપના દિવસે દિલ્હી ખાતે આયોજિત વાર્ષિક સામાન્ય સભામાં આ એવોર્ડ પ્રદાન કરાયો હતો. દિલિપ સંઘાણી હાલ અમેરિકાના પ્રવાસે હોવાથી, તેમના પ્રતિનિધિ તરીકે અમરેલી જિલ્લા સહકારી ખરીદ-વેચાણ સંઘના પ્રમુખ જયંતિભાઈ પાનસુરીયાએ આ એવોર્ડ સ્વીકાર્યો હતો.આ તકે જણાવવામાં આવ્યું હતું કે દિલિપ સંઘાણીના માર્ગદર્શન હેઠળ આધુનિક કૃષિ તકનીકોનો પ્રસાર અને ગ્રામ વિકાસ ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી થઈ રહી છે.

# જસાધાર અને જામવાળા સેન્ટર પરથી ૧૧ સિંહો સ્વસ્થ જાહેર કરી મુક્ત કરાયા

**સિંહબાળ સહિત કુલ ૬ સિંહો હજુ પર તબીબી દેખરેખ નીચે સારવારમાં**

ઉના,તા.૦૫

ગીર પશ્ચિમની બાબરીયા અને પૂર્વની જસાધાર રેન્જમાં છેલ્લા ૧૫ દિવસથી સિંહોમાં બેબેસિયા અને સીવીડી વાયરસના પ્રકોપને કારણે રોગચાળો ફાટી નીકળ્યો હતો, જેમાં કમનસીબે અંદાજે ૧૨ સિંહોના અકાળે મોત નીપજ્યા હતા. આ ઘટનાની ગંભીરતાને પગલે દિલ્હી સુધી તંત્ર હરકતમાં આવ્યું હતું અને રાજ્યના વન મંત્રીએ પણ તાકીદે જામવાળા તથા જસાધાર એનિમલ કેર સેન્ટરની મુલાકાત લીધી હતી. જોકે, વન વિભાગની સઘન સારવાર બાદ હવે પરિસ્થિતિ નિયંત્રણમાં આવી રહી છે. જસાધાર સેન્ટર પરથી ૪ સિંહોને અને જામવાળા સેન્ટર પરથી ૭ સિંહોને સંપૂર્ણ સ્વસ્થ જાહેર કરીને જંગલમાં મુક્ત કરવામાં આવ્યા છે. આમ, કુલ ૧૧ સિંહોને કુદરતી આવાસમાં પાછા છોડાયા છે, જ્યારે હાલમાં ૨ નર, ૧ માદા અને ૩ સિંહબાળ સહિત કુલ ૬ સિંહો હજુ પણ સેન્ટર પર તબીબોની દેખરેખ હેઠળ સઘન સારવાર મેળવી રહ્યા છે. DCF વિકાસ યાદવના જણાવ્યા મુજબ હાલ પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણમાં છે અને વન વિભાગે રાહતનો શ્વાસ લીધો છે.

# દિલ્હી હાઈકોર્ટે 'કોકરોચ જનતા પાર્ટી'ના વિરોધ પ્રદર્શન સામેની અરજી પર તાત્કાલિક સુનાવણીનો કર્યો ઈનકાર

નવી દિલ્હી, તા.૦૫

દિલ્હી હાઈકોર્ટે શુક્રવારે, ૯ જૂને જંતર-મંતર પર 'કોકરોચ જનતા પાર્ટી'ના પ્રસ્તાવિત વિરોધ પ્રદર્શનથી ઉદ્‌ભવતી કાયદો અને વ્યવસ્થાની ચિંતાઓ ઉઠાવતી અરજી પર તાત્કાલિક સુનાવણી કરવાનો ઈનકાર કર્યો હતો. આ કેસમાં વચગાળાની રાહત આપવાની ના પાડી દીધી, જેને કારણે કોકરોચ જનતા પાર્ટીના વિરોધ પ્રદર્શનને હાલ પૂરતો રોકી શકાયો નથી. એવી દલીલ કરવામાં આવી હતી કે આવા વિરોધ પ્રદર્શનો જાહેર વ્યવસ્થાને ખલેલ પહોંચાડી શકે છે અને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ ખરાબ કરી શકે છે. જોકે, કોર્ટે આ અરજી પર તાત્કાલિક સુનાવણી કરવાનો વિચાર કર્યો ન હતો અને કોઈ નિર્દેશ આપવાનો પણ ઈનકાર કર્યો હતો. આ નિર્ણય કોકરોચ જનતા પાર્ટીને તેના પ્રસ્તાવિત વિરોધ પ્રદર્શન સાથે આગળ વધવાની મંજૂરી આપે છે, જો તેઓ તમામ જરૂરી પરવાનગીઓ મેળવે અને કાયદો-વ્યવસ્થા જાળવવામાં સહયોગ કરે.

# અમરેલી નગરપાલિકા દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ભવ્ય ઉજવણી કરાઈ

અમરેલી,તા.૦૫

વિશ્વ પર્યાવરણ દિવસ-૨૦૨૬ અંતર્ગત અમરેલી નગરપાલિકા હોલ ખાતે એક જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. નગરપાલિકાના પ્રમુખ વૈશાલીબેન માંગરોળીયા, ઉપપ્રમુખ વિરલભાઈ પોપટ અને ચીફ ઓફિસર વી.સી. રાઠોડની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં સભ્યો, કર્મચારીઓ અને એનજીઓના પ્રતિનિધિઓ હાજર




રહ્યા હતા. મુખ્ય વક્તા બીપીનભાઈ જોશી અને અક્ષતાબેન કાલેએ પર્યાવરણ સંરક્ષણ, ક્લાઈમેટ ચેન્જ અને નાગરિકોની જવાબદારીઓ વિશે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

કાર્યક્રમમાં ઘન કચરા વ્યવસ્થાપન અંતર્ગત 'સોર્સ સેગ્રેગેશન' (ઘરેથી કચરો અલગ કરવો) અને શહેરમાં પર્યાવરણ સંબંધિત પડકારોના ઉકેલ પર વિચાર-વિમર્શ કરાયો હતો. ચીફ ઓફિસરે નગરપાલિકાની હરિયાળી પ્રવૃત્તિઓની માહિતી આપી સૌને જવાબદાર બનવા અપીલ કરી હતી. અંતમાં, વીર મનીષ મહેતા પાર્ક ખાતે મહાનુભાવો દ્વારા વૃક્ષારોપણ કરી હરિત અને સ્વચ્છ અમરેલીના નિર્માણનો સંકલ્પ લેવાયો હતો. આ કાર્યક્રમ પર્યાવરણ જાગૃતિના સંદેશ સાથે સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

# મમતા બેનર્જી લોકસભા પેટાચૂંટણી યુસુફ પઠાણની બેઠક પર લડે તેવી શક્યતા

કોલકાતા, તા.૦૫

પશ્ચિમ બંગાળના ભૂતપૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જી લોકસભા ચૂંટણી લડવાની તૈયારી કરી રહ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, મમતા બેનર્જી બહેરામપુર લોકસભા બેઠક પરથી પેટાચૂંટણી લડવા ઈચ્છે છે અને આ માટે તેમણે યુસુફ પઠાણને રાજીનામું આપવા જણાવ્યું હતું. જોકે, યુસુફ પઠાણે પોતાની બેઠક ખાલી કરવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો છે.

બીજી તરફ, તેમના જૂના સાથી હુમાયુ કબીરે મમતાને રાજનગર બેઠક પરથી ચૂંટણી લડવાની ઓફર કરી છે. ૨૦૨૬ની વિધાનસભા ચૂંટણીમાં પરાજય અને ટીએમસીમાં ચાલી રહેલા આંતરિક બળવા વચ્ચે મમતા બેનર્જી લોકસભા દ્વારા કેન્દ્રીય રાજકારણમાં પ્રવેશવા માંગે છે, પરંતુ આ માર્ગ અત્યંત મુશ્કેલ દેખાઈ રહ્યો છે.

# ગોંડલના શ્રીનાથગઢ નજીક અકસ્માતમાં અમિત ખૂંટ આપઘાત કેસની મુખ્ય આરોપીનું મોત

**પાંચ વર્ષની બાળકી સહિત ચાર લોકો ગંભીર ઘાયલ**

ગોંડલ,તા.૦૫

શ્રીનાથગઢ અને મોવિયા ગામ વચ્ચે એક પૂરપાટ ઝડપે જતી સ્કોડા કાર રોડ સાઈડના વૃક્ષ સાથે ધડાકાભેર અથડાતાં ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. આ ભીષણ દુર્ઘટનામાં એક યુવતીનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત



નીપજ્યું છે, જ્યારે પાંચ વર્ષની એક માસૂમ બાળકી સહિત અન્ય ચાર લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. મળતી માહિતી અનુસાર, મિત્રોનું એક જૂથ કાળા રંગની સ્કોડા કારમાં સાસણથી પ્રવાસ માણીને પરત ફરી રહ્યું હતું. આ દરમિયાન શ્રીનાથગઢ અને મોવિયા ગામ વચ્ચે આવેલા 'દાવત બેવરેજીસ' નજીક ચાલકે અચાનક કાર પરથી કાબૂ ગુમાવ્યો હતો. અકસ્માત એટલો ભયંકર હતો કે કારના ફુરચા ઊડી ગયા હતા. ચોંકાવનારી વિગત એ છે કે મૃતક યુવતી રીબડાના બહુચર્ચિત અમિત ખૂંટ આપઘાત કેસની મુખ્ય આરોપી હોવાનું સામે આવ્યું છે. પોલીસ આ મામલે વધુ તપાસ ચલાવી રહી છે.

# ભારતની આર્થિક સ્થિતિ અત્યંત મજબૂત છે: આરબીઆઈ ગવર્નર સંજય મલ્હોત્રા

**પ્લાસ્ટિકની ચલણી નોટો રજૂ કરવાના પ્રસ્તાવ પર વિચારણા ચાલુ, કોઈ અંતિમ નિર્ણય નહી**

મુંબઈ, તા.૦૫

ભારતીય રિઝર્વ બેંકે વ્યાજ દરો સ્થિર રાખ્યા છે, પરંતુ વૈશ્વિક પડકારો વચ્ચે અર્થતંત્ર અંગે મજબૂત સંદેશ આપ્યો છે. મુંબઈમાં પત્રકાર પરિષદને



સંબોધતા આરબીઆઈ ગવર્નર સંજય મલ્હોત્રાએ જણાવ્યું કે ભારતની આર્થિક સ્થિતિ અત્યંત "મજબૂત" છે. નાણાકીય વર્ષ ૨૦૨૭ માટે ફુગાવાનું અનુમાન ૫.૧ ટકા કરાયું હોવા છતાં, કેન્દ્રીય બેંકનો ૪ ટકાનો લક્ષ્યાંક અકબંધ છે.

સરકાર અને આરબીઆઈના નીતિગત પગલાંથી દેશમાં વિદેશી મૂડી પ્રવાહ વધશે, જેનાથી ચુકવણી સંતુલન સ્વસ્થ રહેશે.

આરબીઆઈ હાલ પુરવઠાના આંચકાની અસર અને નબળા ચોમાસા (અલ નિનો) જેવી અસરો અંગે સાવધ છે.

પ્રેસ કોન્ફરન્સમાં જણાવાયું કે દેશમાં પોલિમર (પ્લાસ્ટિક) ચલણી નોટો રજૂ કરવાના પ્રસ્તાવ પર પ્રાથમિક વિચારણા ચાલી રહી છે, પરંતુ તેના પર હજુ કોઈ અંતિમ નિર્ણય લેવામાં આવ્યો નથી.

# આસામ મંત્રીમંડળનું વિસ્તરણ થતા ૧૨ નવા મંત્રીઓએ શપથ લીધા

ગુવાહાટી, તા.૦૫

આસામના મુખ્યમંત્રી હિમંત બિસ્વા શર્માએ શુક્રવારે પોતાના મંત્રીમંડળનું વિસ્તરણ કર્યું છે, જેમાં ૧૨ નવા મંત્રીઓએ શપથ ગ્રહણ કર્યા છે. આ સાથે રાજ્યમાં મુખ્યમંત્રી સહિત કુલ મંત્રીઓની સંખ્યા ૧૭ થઈ ગઈ છે. શપથ ગ્રહણ સમારોહ બપોરે ૧૨:૪૫ વાગ્યે યોજાયો હતો. આ મંત્રીમંડળમાં ત્રણ નવા ચહેરાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે, જ્યારે અન્ય તમામ નેતાઓ અગાઉ મંત્રી તરીકે સેવા આપી ચૂક્યા છે.નવી મંત્રી પરિષદમાં ભાજપના ૧૩, એજીપીના બે અને બીપીએફના એક મંત્રીનો સમાવેશ થાય છે. મંત્રીમંડળમાં અજંતા નિઓગ અને નીલિમા દેવીના રૂપમાં બે મહિલા મંત્રીઓ સામેલ છે. નિયમો અનુસાર આસામમાં વધુમાં વધુ ૧૯ મંત્રીઓ હોઈ શકે છે, તેથી હજુ પણ બે પદ ખાલી છે. શપથ લેનારા મુખ્ય ધારાસભ્યોમાં અશ્વિની રોય સરકાર, અશોક સિંઘલ, બિમલ બોરા, બિસ્વાજીત દૈમારી, જયંત મલ્લબરુઆ, કૌશિક રોય, કેશવ મહંત, કૃષ્ણેન્દુ પોલ, નીલિમા દેવી, પિજુષ હજારિકા, ડૉ. રણોજ પેગુ અને સુશાંત બોરગોહેન સામેલ છે.

# મમતા બેનર્જીએ બોલાવેલી બેઠકમાં ૪૧ સાંસદોમાંથી માત્ર પાંચ હાજર રહ્યા

કોલકાત્તા,તા.૦૫

તૃણમૂલ કોંગ્રેસ (TMC) હાલના સમયમાં તેની સ્થાપના પછીની સૌથી મોટી રાજકીય કટોકટીનો સામનો કરી રહી છે. મમતા બેનર્જી વિધાનસભા ચૂંટણી હારી જતાં પક્ષના નેતાઓ તેમનાથી અંતર જાળવી રહ્યા છે. તાજેતરમાં મમતા બેનર્જી દ્વારા બોલાવવામાં આવેલી એક અત્યંત મહત્વની બેઠકમાં પક્ષના ૪૧ સાંસદોમાંથી માત્ર ૫ સાંસદો જ હાજર રહ્યા




હતા. લોકસભાના કુલ ૨૮ કાર્યરત સાંસદોમાંથી માત્ર ૩ અને રાજ્યસભાના ૧૩ સાંસદોમાંથી માત્ર બે જ સાંસદો બેઠકમાં પહોંચ્યા હતા, જે પક્ષમાં ચાલી રહેલા આંતરિક અસંતોષ અને મોટા ભંગાણ તરફ સ્પષ્ટ ઈશારો કરે છે.

# કોઈપણ કિંમતે વસ્તી વિષયક પરિવર્તન થવા દેવામાં આવશે નહીં: અમિત શાહ

તિરુવનંતપુરમ, તા.૦૫

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે શુક્રવારે ત્રિપુરામાં ભારત-બાંગ્લાદેશ સરહદ પર લંકમુરા સરહદ ચોકી ખાતે બીએસએફ જવાનોને સંબોધિત કર્યા હતા. તેમણે દ્રઢ સંકલ્પ વ્યક્ત કરતા કહ્યું કે, ત્રિપુરા, બંગાળ કે બિહાર ગમે તે હોય, સરહદી વિસ્તારોમાં વસ્તી વિષયક પરિવર્તન (ડેમોગ્રાફિક ચેન્જ)



કોઈપણ સંજોગોમાં થવા દેવાશે નહીં.

સરહદ સુરક્ષા અંગે વાત કરતા તેમણે જણાવ્યું કે, દેશની સરહદોને વધુ સુરક્ષિત કરવા માટે સરકાર 'સ્માર્ટ બોર્ડર સિસ્ટમ' વિકસાવી રહી છે. વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે ગૃહમંત્રીએ જવાનો દ્વારા કરાતા વૃક્ષારોપણની પ્રશંસા કરી ગ્લોબલ વૉર્મિંગ સામે લડવા પર્યાવરણ સંરક્ષણને જીવનશૈલીનો ભાગ બનાવવા આહ્વાન કર્યું હતું.

# ભારત અને અમેરિકા વચ્ચે ટૂંક સમયમાં વેપાર કરાર થશે, પીએમ મોદી મારા સારા મિત્ર: ડોનાલ્ડ ટ્રમ્પ

વૉશિંગ્ટન, તા.૦૫

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર પીએમ મોદીની પ્રશંસા કરતા તેમને પોતાના પરમ મિત્ર ગણાવ્યા છે.

તેમણે જાહેરાત કરી છે કે ભારત અને અમેરિકા વચ્ચે ટૂંક સમયમાં જ એક મહત્વપૂર્ણ વેપાર કરાર થશે. ભારતના વાણિજ્ય મંત્રાલયે પણ પુષ્ટિ કરી છે કે આ દ્વિપક્ષીય



વાટાઘાટો સકારાત્મક અને પરસ્પર લાભદાયી કરાર તરફ આગળ વધી રહી છે, જે બંને દેશોના આર્થિક સંબંધોને નવી મજબૂતી આપશે.


ટ્રમ્પે અગાઉના હાર્લી-ડેવિડસન મોટરસાઈકલ કેસનો ઉલ્લેખ કરતા ભારતના ઊંચા ટેરિફ (કર) વિશે વાત કરી હતી. જોકે, તેમણે ઉમેર્યું કે હવે પરિસ્થિતિ બદલાઈ રહી છે. યુએસ સુપ્રીમ કોર્ટના તાજેતરના કેટલાક આદેશો અને વૈશ્વિક ટેરિફ નીતિમાં આવેલા બદલાવો બાદ, બંને દેશો વચગાળાનાં વેપાર સોદાના માળખાને આખરી ઓપ આપવા માટે ફરીથી સક્રિયતાપૂર્વક વાટાઘાટો કરી રહ્યા છે.

# અમેરિકા દબાણ લાવવાનો પ્રયાસ કરી રહ્યું છે, પરંતુ ભારત પ્રતિકાર કરશે: વ્લાદિમીર પુતિન

મોસ્કો, તા.૦૫

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને ભારત સાથેના સંબંધો પર મોટું નિવેદન આપતાં ભારતીય લોકશાહી, ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા અને રાષ્ટ્રીય હિતોને પ્રાથમિકતા આપવાની ભારતની નીતિના જોરદાર વખાણ કર્યા છે. પુતિને દાવો કર્યો છે કે અમેરિકા રશિયા સાથેના સહયોગ સહિત અનેક મુદ્દાઓ પર ભારત





પર દબાણ લાવવાનો પ્રયાસ કરી રહ્યું છે, પરંતુ ભારત આ તમામ આંતરરાષ્ટ્રીય દબાણોનો મજબૂતાઈથી પ્રતિકાર કરશે.

પુતિને ભારતને એક અત્યંત વિશ્વસનીય ભાગીદાર ગણાવતા આશા વ્યક્ત કરી કે બંને દેશો વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર ટૂંક સમયમાં ૧૦૦ અબજ ડોલર સુધી પહોંચી જશે. તેમણે ઉમેર્યું કે ભારત પોતાના રાષ્ટ્રીય હિતોનું રક્ષણ કરતા સારી રીતે જાણે છે.

મહત્વનું છે કે, ભારતની યજમાનીમાં યોજાનારી આગામી બ્રિક્સ (BRICS) સમિટમાં ભાગ લેવા માટે વ્લાદિમીર પુતિન આગામી સપ્ટેમ્બરમાં ભારતની મુલાકાતે આવવાના છે.

06-2026
માતુશ્રી ડી.બી.પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ
કૈલાશ નગર, આટકોટ - ૩૬૦૦૪૦ તા. જસદણ જી.રાજકોટ
પ્રતિક્ષા વિદ્યા પ્રતિષ્ઠાન સંકુલ
મહિલા નિવાસી સંકુલ
પ્રાથમિક, માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળા અને કોલેજમાં મર્યાદિત સંખ્યામાં હોસ્ટેલમાં
૨૦૨૬-૨૭ માં પ્રવેશ ચાલુ છે.
માતૃશ્રી એમ.પી.જે.ઉચ્ચતર માધ્યમિક કન્યા વિદ્યાલય - આટકોટ
ધોરણ : ૧૧ અને ૧૨ સામાન્ય પ્રવાહ (ગુજરાતી માધ્યમ)
માતુશ્રી સંતોકબા ધોળકિયા માધ્યમિક કન્યા શાળા - આટકોટ
ધોરણ : ૯ અને ૧૦ (ગુજરાતી માધ્યમ)



સૌરાષ્ટ્ર પાટીદાર સમાજ
શું આપની દિકરીને 'પ્રતિક્ષા વિદ્યા પ્રતિષ્ઠાન સંકુલ' આટકોટ માં ધોરણ ૫ થી ૮ પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ કે ઉચ્ચ શિક્ષણ B.A., B.Com, B.C.A., B.Ed., M.Ed., A.N.M. નર્સિંગ, G.N.M.નર્સિંગ, B.Sc. નર્સિંગ, P.B.B.Sc. નર્સિંગ, કે M.Sc. નર્સિંગ. મહિલા નિવાસી સંકુલની હોસ્ટેલમાં રહી અભ્યાસ કરાવવા ઈચ્છો છો ? તો પાટીદાર ભવન, આટકોટ રોડ, જસદણ નો સંપર્ક કરો... વધુમાં વધુ રૂ.૨૦૦૦૦/- સુધીની વાર્ષિક સ્કોલરશીપ મેળવો.
મુળ સૌરાષ્ટ્રના પાટીદાર સમાજ કે જે ગુજરાતમાં કોઈપણ જગ્યાએ સ્થાયી થયેલ હોઈ વર્તમાન મહા ભયંકર મંદીમાં આપ પણ આર્થિક સંકડામણ ભોગવતા હોઈ આપનું સંતાન દિકરીની ઉચ્ચ કારકિર્દી બનાવવા 'પ્રતિક્ષા વિદ્યા પ્રતિષ્ઠાન સંકુલ' - આટકોટ ના મહિલા નિવાસી સંકુલ હોસ્ટેલમાં રહી અભ્યાસ કરાવવા માંગતા હો તો અચૂક અમારો સંપર્ક કરવા વિનંતી...
સંપર્ક કરો...
પાટીદાર ભવન - જસદણ. આટકોટ રોડ, જસદણ
જી.રાજકોટ મો. ૯૭૨૫૧ ૩૮૭૯૯ / ૯૭૩૭૦ ૧૩૮૧૯
પ્રતિક્ષા વિદ્યા પ્રતિષ્ઠાન સંકુલ - આટકોટ
મો. ૯૪૨૬૯ ૬૧૧૩૨ / ૯૯૨૪૩ ૨૪૧૬૩
શું આપની દિકરીને ગુણવત્તાયુક્ત શ્રેષ્ઠ શિક્ષણ અને શ્રેષ્ઠ સલામતી કવચ ધરાવતા મહિલા નિવાસી કેમ્પસની શોધમાં છો ?
- આપની દિકરી શહેરમાં ઘરથી દૂર કોલેજમાં ઉચ્ચ શિક્ષણ માટે અપડાઉન કરે છે ?
- આપની દિકરી શહેરમાં હોસ્ટેલ/ રૂમ ભાડે રાખી દૂર કોલેજ જાય છે ?
- આપની દિકરી દૂર કોલેજમાં કો-એજ્યુકેશનમાં શિક્ષણ મેળવે છે ?
- ટી.વી.,ચેનલો, સ્માર્ટ મોબાઈલ ફોન/નેટ આપના સંતાનનો રોજ બે થી ત્રણ કલાકનો સમય વ્યય કરે છે ?
- માનસિક પ્રદૂષણ અને ટેન્શનનો ભોગ બનતી દિકરીને બચાવવા ઈચ્છો છો ?
- દિકરીને માત્ર મહિલા નિવાસી કેમ્પસમાં એકાગ્રતાથી અભ્યાસ કરાવવા ઈચ્છો છો ?
- આપ ઈચ્છો છો કે આપની દિકરી ડીસ્ટીંક્શન માર્કસ સાથે ગ્રેજ્યુએશન પાસ કરે અને જોબ મેળવવાના ચાન્સ વધી જાય / બેરોજગાર ન રહે.
- આપ ઈચ્છો છો કે આપની દિકરી ગ્રેજ્યુએશન પછી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સહેલાઈથી ઉત્તિર્ણ થઈ મોભાદાર સરકારી નોકરી ક્લાસ-૧, ક્લાસ-૨ મેળવે ?
- દિકરીની સલામતીને ટોચની અગ્રતા આપવામાં આવતી હોય ?
- Quantity Education ના બદલે Quality Education આપવામાં આવતું હોય.
- ઉચ્ચ કક્ષાની શિસ્ત અને સંસ્કારોનું ઘડતર થતું હોય.
એનો જવાબ છે કે ગુજરાતનું "સમસ્ત પટેલ સમાજનું" ગૌરવવંતુ સર્વશ્રેષ્ઠ મહિલા નિવાસી કેમ્પસ એટલે
'પ્રતિક્ષા વિદ્યા પ્રતિષ્ઠાન સંકુલ - આટકોટ'

# ગોંડલના શેમળા ગામે તળાવમાં ડૂબી જવાથી એક જ પરિવારના ત્રણ માસૂમ બાળકોના મોત, એક ગંભીર



ગોંડલ, તા.૦૫

ગોંડલ તાલુકાના શેમળા ગામમાં એક અત્યંત હૃદયદ્રાવક અને કમકમાટીભરી ઘટના સામે આવી છે, જેમાં ઓરિયા તળાવમાં રમતા-રમતા ડૂબી જવાથી એક જ શ્રમજીવી પરિવારના ત્રણ માસૂમ બાળકોના કરૂણ મોત નીપજ્યા છે, જ્યારે અન્ય એક બાળકની હાલત ગંભીર છે. આ શ્રમજીવી પરિવાર ગામના એક ખેડૂતની વાડીમાં મજૂરીકામ કરતો હતો, ત્યારે વાડીથી નજીક આવેલા તળાવ પાસે રમતા ચારેય બાળકો અચાનક ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા.

ઘટનાની જાણ થતાં જ વાડી માલિક અને પરિવારજનોએ ભારે જહેમત બાદ બાળકોને પાણીમાંથી બહાર કાઢી તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યા હતા, જ્યાં તબીબોએ ત્રણ બાળકોને મૃત જાહેર કર્યા હતા. મૃતકોમાં અર્જુન ભુરાભાઈ બબેરીયા, લખત કરશનભાઈ ડામોર અને લક્ષ્મી કરશનભાઈ ડામોરનો સમાવેશ થાય છે, જ્યારે ગંભીર રીતે ઈજાગ્રસ્ત સાહિલ બબેરીયાને વધુ સારવાર માટે રાજકોટ ખસેડાયો છે. આ ગોઝારી ઘટનાને પગલે સિવિલ હોસ્પિટલ ખાતે સેવાભાવી સંસ્થાઓ અને રાજકીય અગ્રણીઓએ દોડી આવીને શોકાતુર પરિવારને સાંત્વના પાઠવી હતી.

# વાવાઝોડા અને કડાકા-ભડાકા સાથે આગામી ૩ દિવસ ભારે વરસાદની આગાહી

અમદાવાદ,તા.૦૫

કેરળમાં ચોમાસાના આગમન સાથે જ દેશના હવામાનમાં મોટો પલટો આવ્યો છે. હવામાન વિભાગ (IMD) ના જણાવ્યા અનુસાર, આગામી ૩ દિવસ દરમિયાન ગુજરાત સહિત દેશના ૧૭ રાજ્યોમાં ૫૦-૬૦ કિમીની ઝડપે પવન ફૂંકાવા અને વીજળીના કડાકા સાથે ભારે વરસાદની સંભાવના છે.

ચોમાસું સામાન્ય સમય કરતાં ૩ દિવસ મોડું એટલે કે ૪ જૂનની આસપાસ કેરળ પહોંચ્યું છે, જે આગામી દોઢ મહિનામાં સમગ્ર દેશને આવરી લેશે. દિલ્હી સહિતના વિસ્તારોમાં વાવાઝોડા સાથે વરસાદ થતાં ગરમીથી રાહત મળી છે. તારીખ ૬ જૂનના રોજ ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ઓડિશા જેવા રાજ્યોમાં વાવાઝોડાની આશંકાને પગલે 'ઓરેન્જ એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે, જ્યારે કેટલાક પહાડી વિસ્તારોમાં કરા પડવાની પણ શક્યતા છે.

# રાજયમાંથી ગેરકાયદેસર રીતે રહેતા ૫૦૧ બાંગ્લાદેશીઓને પોલીસે ઝડપ્યાં

અમદાવાદ,તા.૦૫

ગુજરાતમાં ગેરકાયદેસર રહેતા બાંગ્લાદેશી નાગરિકો સામે પોલીસ અને વિવિધ તપાસ એજન્સીઓએ શરૂ કરેલું ઓપરેશન ડેલ્ટા હન્ટ હવે નિર્ણાયક તબક્કામાં પહોંચી ગયું છે.

અમદાવાદ સહિત રાજ્યભરમાં આજે સવારે ૧૦ વાગ્યા સુધીમાં ૫૦૧ બાંગ્લાદેશી નાગરિકોની ધરપકડ કરવામાં આવી છે.રાજ્યના વિવિધ શહેરો અને જિલ્લાઓમાં પોલીસની ટીમો દ્વારા સઘન સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. મજૂરી કામ, કન્સ્ટ્રક્શન સાઈટ, ઝૂંપડપટ્ટી વિસ્તાર, ભાડાના મકાનો અને સંવેદનશીલ વિસ્તારોમાં ચેકિંગ કરવામાં આવ્યું હતું. જ્યાં શંકાસ્પદ દસ્તાવેજો ધરાવતા લોકોની પૂછપરછ બાદ તેમની ઓળખ અને નાગરિકતાની ચકાસણી કરવામાં આવી હતી.

સોનાનાં કલાત્મક આભૂષણ
રીયલ ડાયમંડ જ્વેલરી
રોઝ ગોલ્ડ તથા વ્હાઈટ ગોલ્ડ જ્વેલરી
૯૨.૫ સ્ટર્લિંગ સિલ્વર જ્વેલરી
વી.કે. જ્વેલર્સ
દાણા બજાર, ટાવર પાસે, અમરેલી.
ફોન: ૦૨૭૯૨- ૨૨૧૧૬૨, મો.૮૦૦૦ ૭૦૦ ૮૦૦
ચોકસી નાગરીક બેંક અમરેલી.

naari હોસ્પિટલ
આકર્ષક પગારથી સ્ટાફની જરૂર છે
મેડીકલ ઓફીસર (BHMS / BAMS) દિવસ માટે (લેડીઝ)
આપની CV 9157221324 નંબર ઉપર વોટ્સઅપ કરવું અથવા રૂબરૂ મળવું
naari હોસ્પિટલ જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com



અમરેલી જીલ્લામાં સૌ પ્રથમવાર...
મેગાસીટીમાં થતા ફુવારા પદ્ધતિ (TOPICAL TACHENIQUE) દ્વારા
અમેરીકન કોલ્ડ ફેકો-લેસર ટેક્નોલોજી
થી મોતીયાના ટાંકા વગર ઓપરેશન...
ઉચ્ચ કક્ષાના નેત્રમણીની સુવિધા હવે અમરેલીમાં...
DIABETIC તથા HARD (પથ્થરીયા) મોતીયા માટે ખાસ આર્શિવાદરૂપ
દ્રષ્ટિ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ
ડો.અભિષેક ઠાકર
STAR TATA AIG Medi Assist SBI general care RELIANCE BAJAJ Allianz
ચિત્તલ રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૧૬૨૭,૨૩૩૫૬૫

HONDA
સૌથી સસ્તું મોટરસાયકલ
દરેક પરિવારની પહેલી પસંદ
SHINE 100 DX
એક્સ શોરૂમ (ગુજરાત)
₹71,015/-



Shine 100 DX
પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશનની સામે, સ્ટેશન રોડ, અમરેલી.
ફોન નં. ૦૨૭૯૨-૨૨૬૨૦૧-૦૨, મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨